સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK
**32**
(07/08/22 to 13/08/22)

HAPPY જન્માષ્ટમી

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)











JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# HAPPY Janmashtami


**07 AUG-2022**

- દિવસ મહિમા : 07 ઓગસ્ટ, રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ (National Handloom Day) ..... 02
- AzadiSAT : અંતરિક્ષમાં ISROનું સૌથી નાનુ રોકેટ- SSLV ..... 02
- અમેરિકા-ચીન તણાવ (US-China Tendions) ..... 04
- QUESTION ANSWERS ..... 07

**08 AUG-2022**

- દિવસ મહિમા : 08 ઓગસ્ટ, આંતરરાષ્ટ્રીય બિલાડી દિવસ (International Cat Day) ..... 08
- ભારતના 14મા ઉપરાષ્ટ્રપતિ : શ્રી જગદીપ ધનખર ..... 08
- 'તેજસ' વિમાનોની ડિલીવરી ..... 13
- QUESTION ANSWERS ..... 15

**09 AUG-2022**

- દિવસ મહિમા : 09 ઓગસ્ટ, વિશ્વ આદિવાસી દિવસ (World Tribal Day) ..... 17
- Electricity Amendment Bill, 2022 ..... 18
- સંસ્કૃતિ મંત્રાલય અને ગૂગલે 'ઈન્ડિયા કી ઉડાન' પહેલ શરૂ કરી ..... 20
- QUESTION ANSWERS ..... 21

**10 AUG-2022**

- દિવસ મહિમા : 10 ઓગસ્ટ, વિશ્વ જૈવ ઇંધણ દિવસ (World Biofuel Day), વિશ્વ સિંહ દિવસ (World Lion Day) ..... 22
- Commonwealth Games- 2022 ..... 22
- QUESTION ANSWERS ..... 28

**11 AUG-2022**

- દલાઈ લામાને લદ્દાખનો સર્વોચ્ચ પુરસ્કાર dPal rNgam Duston Award થી સન્માનિત કરાયા ..... 30
- ટાઈગર રેન્જના દેશોની પૂર્વ સમિટ ..... 30
- સુશ્રી નલ્લાથમ્બી કલાઈસેલવી CSIRના પ્રથમ મહિલા ડાયરેક્ટર જનરલ બન્યા ..... 31
- QUESTION ANSWERS ..... 32

**12 AUG-2022**

- દિવસ મહિમા : 12 ઓગસ્ટ, વિશ્વ હાથી દિવસ (World Elephant Day), આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (International Youth Day) ..... 33
- સુશ્રી સેરેના વિલિયમ્સે નિવૃત્તિની જાહેરાત કરી ..... 33
- સ્માઈલ- 75 પહેલ ..... 34
- QUESTION ANSWERS ..... 36

**13 AUG-2022**

- દિવસ મહિમા : 13 ઓગસ્ટ, વિશ્વ અંગદાન દિવસ ..... 37
- શ્રી શશિ થરૂરને ફ્રાન્સના સર્વોચ્ચ સન્માન 'શેવેલિયર ડી લા લીજિયન ડી'થી સન્માનિત કરવામાં આવ્યા ..... 37
- Criminal Procedure (Identification) Act, 2022 ..... 37
- લોકસભામાં નવા બિલ ..... 38
- QUESTION ANSWERS ..... 40

**ONE LINER** ..... 41

**QUESTION OF THIS WEEK** ..... 45



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 07 ઓગસ્ટ, રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ (National Handloom Day)

## AzadiSAT : અંતરિક્ષમાં ISROનું સૌથી નાનુ રોકેટ-SSLV

ISROએ 7 ઓગસ્ટ, 2022ના રોજ 'પૃથ્વી અવલોકન ઉપગ્રહ EOS-02' અને વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત ઉપગ્રહ AzadiSAT ને લઈને 'સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV)'ની પ્રથમ ઉડાન શરૂ કરી હતી.

- જોકે મિશન ઉપગ્રહને તેમની જરૂરી ભ્રમણકક્ષામાં મૂકવામાં નિષ્ફળ ગયું હતું.
- ઈસરોએ લોન્ચિંગના થોડા સમય પછી જણાવ્યું હતું કે ઉપગ્રહ ખોટી ભ્રમણકક્ષામાં મુકાતા એટલે કે ઉપગ્રહો જરૂર કરતા ઓછી ઊંચાઈએ ભ્રમણકક્ષામાં મુકાતા તેનો સંપર્ક કપાઈ ગયો હતો.
- તેને આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું.

### સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV)




સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV) એ ત્રણ તબક્કાનું લોન્ચ વ્હીકલ છે.

- જે ત્રણ સોલિડ પ્રોપલ્શન સ્ટેજ અને લિક્વિડ પ્રોપલ્શન– આધારિત વેલેસિટી ટ્રિમિંગ મોડ્યુલ (VTM) સાથે ટર્મિનલ સ્ટેજ તરીકે ગોઠવેલું છે.
- SSLVનો વ્યાસ 2 મીટર તથા લંબાઈ 34 મીટર છે.
- તથા તેનું વજન લગભગ 120 ટન છે.
- સતીશ ધવન સ્પેસ સેન્ટર (SDSC)થી 500 km પ્લેનર ઓર્બિટમાં 500 કિલોગ્રામના સેટેલાઈટને લોન્ચ કરવા સક્ષમ છે.
- સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV)ની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે :

(a) ઓછી કિંમત

(b) ઓછો ટર્ન–અરાઉન્ડ સમય એટલે કે તેને બનાવવામાં ઓછો સમય લાગે છે.

(c) અનેક ઉપગ્રહો લઈ જઈ શકે છે અને ઓછામાં ઓછા લોન્ચિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જોઈએ છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## મહત્વ

### નાના ઉપગ્રહોનો યુગ

અગાઉ મોટા ઉપગ્રહ પેલોડને મહત્ત્વ આપવામાં આવતું હતું.

- પરંતુ જેમ જેમ આ વિસ્તારનો વિકાસ થતો ગયો તેમ તેમ ઘણા ખાનગી હિતધારકો જેમ કે વ્યવસાય ક્ષેત્રો, સરકારી એજન્સીઓ, યુનિવર્સિટીઓ અને વિવિધ પ્રયોગશાળાઓએ તેમના ઉપગ્રહ મોકલવાનું શરૂ કર્યું.
- આ તમામ મોટાભાગે નાના ઉપગ્રહોની શ્રેણીમાં આવે છે.

### માંગમાં વધારો

અવકાશ આધારિત ડેટા, સંદેશાવ્યવહાર, દેખરેખ અને વાણિજ્યની સતત વધતી જતી જરૂરિયાતને કારણે છેલ્લા આઠ દસ વર્ષોમાં નાના ઉપગ્રહોના પ્રક્ષેપણની માંગમાં ઝડપી ગતીએ વધારો થયો છે.

### ઓછો ખર્ચ

સેટેલાઈટ નિર્માતાઓ અને ઓપરેટરોને હવે મહિનાઓ રાહ જોવાની અથવા અતિશય મુસાફરી ફી ચૂકવવાની જરૂર નથી.

- તેથી જ આ સંસ્થાઓ ઝડપથી અવકાશમાં ઉપગ્રહનો સમૂહ વિકસાવી રહી છે.
- SpaceXના StarLink અને OneWeb જેવા પ્રોજેક્ટ સેંકડો ઉપગ્રહોના ક્લસ્ટરને જોડવા માટે કામ કરી રહ્યા છે.

### વ્યવસાય તક

માંગમાં વૃદ્ધિ સાથે રોકેટની તે યોગ્ય કિંમત સાથે ઘણી વાર લોન્ચ કરી શકાય છે, આ ઈસરો જેવી અવકાશ એજન્સીઓને ક્ષેત્રની સંભવિતતાનો ઉપયોગ કરવા માટે વ્યવસાયની તક પૂરી પાડે છે.

- કારણ કે મોટાભાગની માંગ એવી કંપનીઓ પાસેથી આવે છે જે વ્યાપારી હેતુઓ માટે ઉપગ્રહો લોન્ચ કરી રહી છે.

## SSLV-D1/ EOS-02 મિશન શું છે ?

તેનો હેતુ નાના સેટેલાઈટ લોન્ચ વ્હીકલ માર્કેટમાં મોટો હિસ્સો મેળવવાનો હતો, કારણ કે તે ઉપગ્રહને લો અર્થ ઓર્બિટ (LEO)માં મૂકી શકે છે.

- આ મિશન હેઠળ બે સેટેલાઈટ લોન્ચ કરવાની યોજના હતી :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(1) **EOS-2 પૃથ્વી અવલોકન ઉપગ્રહ :**

– તે ISRO દ્વારા ડિઝાઈન અને અમલમાં મૂકાયેલો પૃથ્વી અવલોકન ઉપગ્રહ છે.

– તે માઈક્રોસેટ ઉપગ્રહ શ્રેણી ઉચ્ચ અવકાશી રીઝોલ્યુશન સાથે ઈન્ફ્રા–રેડ બેન્ડમાં અદ્યતન ઓપ્ટિકલ રિમોટ સેન્સિંગ ઓપરેટ કરે છે.

(2) **AzadiSAT ઉપગ્રહ :**

– આઝાદીસેટ વિદ્યાર્થી ઉપગ્રહ એક 8U ક્યુબસેટ છે. જેનું વજન લગભગ 8 કિલો છે.

– તે લગભગ 50 ગ્રામ વજનના 75 વિવિધ પેલોડ વહન કરે છે. તેણે નાના પ્રયોગો કર્યા હતા જે તેની ભ્રમણકક્ષામાં આયનાઈઝિંગ રેડિયેશનને માપી શકે છે.

– અને તે એક ટ્રાન્સપોન્ડર કે જે હેમ રેડિયો ફ્રીકવન્સીઝ પર કામ કરે છે જેથી ઓપરેટરોને તેને એક્સેસ કરી શકે.

– આ પેલોડના ઉત્પાદન માટે દેશભરના ગ્રામીણ વિસ્તારોની વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

– પેલોડને 'સ્પેસ કિડ્સ ઈન્ડિયા'ના વિદ્યાર્થીઓની ટીમ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

– નોંધનીય છે કે આ પેલોડ્સ ભારતની 75 ગ્રામીણ સરકારી શાળાઓની 750 યુવતીઓ દ્વારા બનાવવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમેરિકા-ચીન તણાવ (US-China Tensions)

તાજેતરમાં યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સ્પીકરે તાઈવાનની મુલાકાત લીધી હતી.

- જે 1997 પછી આ ટાપુની મુલાકાત લેનાર ઉચ્ચ સ્તરીય યુએસ અધિકારી છે.
- આ મુલાકાતથી અમેરિકા અને ચીન વચ્ચે તણાવ વધી ગયો છે.



### તાઈવાન-ચીન મુદ્દો

તાઈવાન દક્ષિણપૂર્વ ચીનના દરિયાકિનારાથી લગભગ 160 કિમી દૂર એક ટાપુ છે.

- જે ચીની શહેરો ફૂઓઝ, ક્વાનઝોઉ અને ઝિયામેનની સામે છે.

## ઇતિહાસ

તે શાહી રાજવંશ દ્વારા સંચાલિત હતું, પરંતુ તેનુ નિયંત્રણ વર્ષ 1895માં જાપાનીઓને આપવામાં આવ્યું હતું.

- બીજા વિશ્વયુદ્ધમાં જાપાનની હાર બાદ આ ટાપુ ચીનના હાથમાં પાછો ફર્યો હતો.
- માઓત્સે તુંગ (માઓ ઝેડોંગ)ની આગેવાની હેઠળના સામ્યવાદીઓએ મૂખ્ય ભૂમિ ચીનમાં ગહૃયુદ્ધ જીત્યા બાદ રાષ્ટ્રવાદી કુઓમિન્તાંગ પાર્ટીના નેતા ચ્યાંગ (ચિયાંગ)કાઈ–શેક 1949માં તાઈવાન ભાગી ગયા હતા.
- ચિયાંગ કાઈ–શેકે ટાપુ પર ચીનના પ્રજાસત્તાક સરકારની સ્થાપના કરી અને 1975 સુધી પ્રમુખ રહ્યા હતા.
- ગૃહયુદ્ધમાં ચીન અને તાઈવાનના વિભાજન પછી સરકાર ઓફ ધ રિપબ્લિક ઓફ ચાઈના (ROC)ને તાઈવાનમાં તબદીલ કરવામાં આવી હતી.
- બીજી તરફ ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી (CPC)એ મુખ્ય ભૂમિમાં પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના (PRC)ની સ્થાપના કરી હતી.
- ત્યારથી PRC તાઈવાનને દેશદ્રોહી પ્રાંત તરીકે જૂએ છે અને જો શક્ય હોય તો શાંતિપૂર્ણ માધ્યમથી તાઈવાન સાથે પુનઃએકીકરણની રાહ જૂએ છે.

## વર્તમાન પરિસ્થિતિ

તાઈવાન હંમેશા ચીનનો પ્રાંત રહ્યો છે એવી દલીલ કરીને ચીને ક્યારેય સ્વતંત્ર રાજકીય અસ્તિત્વ તરીકે તેના અસ્તિત્વને માન્યતા આપી નથી.

- પરંતુ ચીન અને તાઈવાન વચ્ચે આર્થિક સંબંધો રહ્યા છે.
- ઘણા તાઈવાનના વિદેશીઓ ચીનમાં કામ કરે છે અને ચીને તાઈવાનમાં રોકાણ કર્યુ છે.

## તાઈવાન પ્રત્યે યુએસ નીતિ

તેમણે 1970ના દાયકાથી 'વન ચાઈના' નીતિ ચાલુ રાખી છે, જેના હેઠળ તે તાઈવાનને ચીનના ભાગ તરીકે જૂએ છે.

- 'વન ચાઈના' નીતિનો અર્થ એ છે કે જે રાષ્ટ્રો પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના (PRC) સાથે રાજદ્વારી સંબંધો રાખવા ઈચ્છે તેમણે રિપબ્લિક ઓફ ચાઈના (ROC) સાથેના સંબંધો તોડીને ROCને ચીન તરીકે ઓળખવું પડશે, PRCને ચીન તરીકે નહીં.
- આ નીતિ હેઠળ મુખ્ય ભૂમિ ચીનમાં સામ્યવાદી સરકાર કાયદેસર પ્રતિનિધિ હતી અને તાઈવાન તેનો અલગ ભાગ હતો.
- પરંતુ તે તાઈવાન સાથે અનૌપચારિક સંબધો પણ ધરાવે છે અને લશ્કરી સાધનો અને ગુપ્ત માહિતી આપીને ટાપુને બાહ્ય આક્રમણથી બચાવવામાં તાઈવાનને મદદ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તાઈવાન પોતાને એક સવાયત્ત દેશ માને છે. તેનું પોતાનું બંધારણ છે તથા ચૂંટવામાં આવેલી સરકાર છે.
- બીજી તરફ ચીનની સામ્યવાદી સરકાર તાઈવાનને પોતાનો હિસો સમજે છે. તે તાઈવાનના ટાપુને ફરીથી પોતાના નિયંત્રણમાં લાવવા માંગે છે.

## તાજેતરની મુલાકાતથી ચીનની ચિંતા

ચીન તાઈવાનને તેના ક્ષેત્રનો ભાગ માને છે, તેણે દાવો કર્યો હતો કે આ મુલાકાત ચીનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાને ગંભીરતાથી નબળી પાડશે.

- તેનાથી ચીન–યુએસ સંબંધોના પાયાને ગંભીર અસર થઈ શકે છે અને તાઈવાનની સ્વતંત્રતા દળોને ગંભીર રીતે ખોટો સંકેત મોકલી શકે છે.
- ચીનના મતે તાઈવાનમાં વરિષ્ઠ અમેરિકન વ્યક્તિની હાજરી તાઈવાનની સ્વતંત્રતા માટે યુએસના સમર્થનનો સંકેત આપશે.

## તાઈવાન પ્રત્યે ભારતની નીતિ

ભારત પણ 'વન ચાઈના' નીતિને અનુસરે છે અને તાઈવાન સાથે ઔપચારિક રાજદ્વારી સંબંધો નથી. પરંતુ રાજદ્વારી કામ માટે તાઈવાનમાં તેની ઓફિસ છે.

- ઈન્ડિયા–તાઈપાઈ એસોસિએશન (ITA)નું નેતૃત્વ વરિષ્ઠ રાજદ્વારી કરે છે.
- જ્યારે તાઈવાન તાઈપાઈ ઈકોનોમિક એન્ડ કલ્ચર સેન્ટર (TECC) નવી દિલ્હીમાં છે.
- ભારત–તાઈવાન સંબંધો મૂળરૂપે વેપાર, વાણિજ્ય, સંસ્કૃતિ અને શિક્ષણ પર કેન્દ્રિત છે.
- તાજેતરના દિવસોમાં ગલવાનમાં ચીનના શાબ્દિક યુદ્ધ પછી ભારતે તાઈવાન સાથે તેના સંબંધો વધુ મજબૂત કર્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ માટે મહત્વપૂર્ણ કેમ છે તાઈવાન ?

ફોન, લેપટોપ, ઘડિયાળ, કમ્પ્યૂટરથી લઈને કાર સુધીના મોટા ભાગના સાધનોમાં લગતી ચીપ તાઈવાનમાં બંને છે.

- તાઈવાનની વન મેજર કંપની વિશ્વની અડધા કરતા વધારે ચીપનું નિર્માણ કરે છે. તેને જ કારણે તાઈવાનનું અર્થતંત્ર વિશ્વ માટે મહત્ત્વનું ગણાય છે.
- મોટા ભાગના સેમિકન્ડકટર્સ તાઈવાનમાં ઉત્પન્ન થાય છે અને તે સેમિકન્ડક્ટર ઉત્પાદનના આઉટસોર્સિંગ પર પ્રભુત્વ ધરાવે છે.
- વધુમાં તેના કોન્ટ્રાક્ટ ઉત્પાદકો ગયા વર્ષે કુલ વૈશ્વિક સેમિકન્ડક્ટર આવકમાં 60% કરતા વધુ હિસ્સો મેળવ્યો હતો.
- જો તેના પર ચીનનો કબજો આવી જાય તો વિશ્વના અત્યંત મહત્વના ઉદ્યોગ પર ચીનનો કબજો આવી જશે.

1. કયા દિવસે 'રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 6 ઓગસ્ટ (B) 7 ઓગસ્ટ (C) 8 ઓગસ્ટ (D) 9 ઓગસ્ટ (B)

2. તાજેતરમાં (ઓગસ્ટ–2022) ISROએ તેનું સૌથી નાનુ રોકેટ SSLV લોન્ચ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. SSLVનું પૂરું નામ 'સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ' છે.
2. આ મિશન દ્વારા 'પૃથ્વી અવલોકન ઉપગ્રહ EOS-02' અને વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત ઉપગ્રહ AzadiSATને લઈને SSLVએ ઉડાન ભરી હતી.
3. આ મિશન ઉપગ્રહોને તેમની જરૂરી ભ્રમણકક્ષામાં મૂકવામાં નિષ્ફળ ગયું હતું.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (D)

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ'(SSLV) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV) એ ત્રણ તબક્કાનું લોન્ચ વ્હીકલ છે.
2. જે ત્રણ સોલિડ પ્રોપલ્શન સ્ટેજ અને લિક્વિડ પ્રોપલ્શન–આધારિત વેલેસિટી ટ્રિમિંગ મોડ્યુલ (VTM) સાથે ટર્મિનલ સ્ટેજ તરીકે ગોઠવેલું છે.
3. SSLVનો વ્યાસ 2 મીટર તથા લંબાઈ 34 મીટર છે.
4. તેનું વજન લગભગ 120 ટન છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. તાજેતરમાં ચીન–તાઈવાન મુદ્દો ચર્ચામાં રહ્યો છે. તાઈવાન સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. વર્ષો પહેલા તે શાહી રાજવંશ દ્વારા સંચાલિત હતું. પરંતુ તેનું નિયંત્રણ વર્ષ 1895 માં જાપાનીઓને આપવામાં આવ્યું હતું.
2. બીજા વિશ્વયુદ્ધમાં જાપાનની હાર બાદ આ ટાપુ ચીનના હાથમાં પાછો ફર્યો હતો.
3. તાઈવાન દક્ષિણપૂર્વ ચીનના દરિયાકિનારાથી લગભગ 160 કિમી દૂર એક ટાપુ છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ તાઈવાન ટાપુ કયા ઉદ્યોગ માટે પ્રસિદ્ધ છે ?
(A) સેમિકન્ડક્ટર (B) રમકડા (C) ડેરી ઉત્પાદન (D) સિમેન્ટ (A)

## દિવસ મહિમા : 08 ઓગસ્ટ, આંતરરાષ્ટ્રીય બિલાડી દિવસ (International Cat Day)

## ભારતના 14મા ઉપરાષ્ટ્રપતિ : શ્રી જગદીપ ધનખર



NDAના ઉમેદવાર શ્રી જગદીપ ધનખર ભારતના 14મા ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે.

- તાજેતરમાં યોજાયેલી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમણે સુશ્રી માર્ગરેટ આલ્વાને હરાવ્યા હતા.
- તેમણે ઉપરાષ્ટ્રપતિ તરીકે શ્રી વૈંકેયા નાયડુનું સ્થાન લીધુ છે.

### ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી 2022

તાજેતરમાં યોજાયેલ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાજપ દ્વારા NDAના ઉમેદવાર તરીકે શ્રી જગદીપ ધનખરને નામાંકિત કરવામાં આવ્યા હતા.


- જ્યારે સંયુક્ત વિરોધપક્ષે UPAના ઉમેદવાર તરીકે સુશ્રી માર્ગરેટ આલ્વાને નિયુંક્ત કરવામાં આવ્યા હતા.
- ત્યારબાદ ભારતના 14મા ઉપરાષ્ટ્રપતિ તરીકેની ચૂંટણી 6 ઓગસ્ટ, 2022ના રોજ યોજાઈ હતી.
- જેમાં NDAના ઉમેદવાર શ્રી જગદીપ ધનખર (અથવા ધનખડ)ની 346 મતના જંગી માર્જિન સાથે બહુમતીથી વિજય થયો છે.
- શ્રી જગદીપ ધનખરને 528 મત મળ્યા હતા જ્યારે સુશ્રી માર્ગરેટ આલ્વાને 182 મત મળ્યા હતા.
- ટકાવારી દષ્ટિએ જોઈએ તો શ્રી જગદીપ ધનખરને 74.37% અને સુશ્રી માર્ગરેટ આલ્વાને 25.63% મત મળ્યા હતા.
- આ સાથે શ્રી જગદીપ ધનખર ભારત દેશના 14માં ઉપરાષ્ટ્રપતિ બન્યા છે.

### શ્રી જગદીપ ધનખરને શપથ

રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા એક ખાસ સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ શ્રી જગદીપ ધનખરને ઉપરાષ્ટ્રપતિ પદના શપથ અપાવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EX

## શ્રી જગદીપ ધનખર



શ્રી જગદીપ ધનખરનો જન્મ 18 મે, 1951ના રોજ રાજસ્થાન રાજ્યના ઝુનઝુનુ જિલ્લાના એક નાનકડા ગામ કિથાનામાં થયો હતો.

- તેમના પિતાનું નામ શ્રી ગોકલ ચંદ અને માતાનું નામ સુશ્રી કેસરી દેવી છે.
- તેઓએ શાળાનું શિક્ષણ પૂરુ કર્યા પછી રાજસ્થાન યુનિવર્સિટી જયપુરમાંથી B.sc અને LLBમાં સ્નાતક થયા હતા.
- રાજકીય કારકિર્દી પહેલા વર્ષ 1979માં બાર કાઉન્સિલ ઓફ રાજસ્થાનમાં એડવોકેટ તરીકે નોંધણી કરી હતી.
- વર્ષ 1990માં રાજસ્થાન માટે હાઈકોર્ટ ઓફ જ્યુડિકેટ દ્વારા તેમને વરિષ્ઠ વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- તેઓ ભૂતકાળમાં જનતાદળ અને કોંગ્રેસ પાર્ટીના સભ્ય પણ રહી ચૂક્યા છે.
- તેઓ 9મી લોકસભા 1989-91 દરમિયાન રાજસ્થાનના ઝુનઝુનુ લોકસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા જનતાદળના સંસદ સભ્ય હતા.
- તેઓ વર્ષ 1991માં કોંગ્રેસમાં જોડાયા હતા.
- 1991માં લોકસભાની સામાન્ય ચૂંટણીમાં અજમેર બેઠક પરથી તેમનો પરાજય થયો હતો.
- વર્ષ 2003માં તેઓ ભાજપમાં જોડાયા હતા.
- તેઓ રાજસ્થાન વિધાનસભાના સભ્ય પણ રહી ચૂક્યા છે.
- તેમણે ભારત સરકારના સંસદીય બાબતોના રાજ્યમંત્રી તરીકે સેવા આપી હતી.
- વર્ષ 2019માં તેઓ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ બન્યા હતા. અને જુલાઈ, 2022 સુધી રાજ્યપાલ તરીકે સેવા આપી હતી.

નોંધ : (1) સુશ્રી માર્ગરેટ આલ્વા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સભ્ય છે.
(2) તમેણે ઉત્તરાખંડ, રાજસ્થાન, ગુજરાત અને ગોવાના રાજ્યપાલ તરીકે પણ સેવા આપી છે.

## ઉપરાષ્ટ્રપતિ અંગેની બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના ભાગ–5 માં અનુચ્છેદ 63 થી 71 માં ઉપરાષ્ટ્રપતિ પદ સાથે સંકળાયેલ વિવિધ જોગવાઈ કરવામાં આવી છે.

- ભારતના પ્રથમ નાગરિક રાષ્ટ્રપતિ બાદ દ્વિતીય નાગરિક તરીકેનું બહુમાન ઉપરાષ્ટ્રપતિને મળે છે.
- ભારતમાં ઉપરાષ્ટ્રપતિનું પદ અમેરિકાના બંધારણમાંથી લેવામાં આવ્યું છે.

## ઉપરાષ્ટ્રપતિ સંબંધિત મહત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
| --- | --- |
| અનુચ્છેદ–63 | ઉપરાષ્ટ્રપતિ પદની જોગવાઈ |
| અનુચ્છેદ–64 | હોદ્દાની રૂએ ઉપરાષ્ટ્રપતિ જ રાજ્યસભાના સભાપતિ |
| અનુચ્છેદ–65 | રાષ્ટ્રપતિ પદ ખાલી પડે ત્યારે ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરશે. |
| અનુચ્છેદ–66 | ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી અંગેની જોગવાઈઓ |
| અનુચ્છેદ–67 | ઉપરાષ્ટ્રપતિના હોદ્દાની મુદત |
| અનુચ્છેદ–68 | ઉપરાષ્ટ્રપતિ પદ ખાલી પડે ત્યારે તે પદ પુરાવા અંગેની જોગવાઈઓ |
| અનુચ્છેદ–69 | ઉપરાષ્ટ્રપતિને હોદ્દાના શપથ લેવા અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ–70 | અન્ય આકસ્મિક પ્રસંગે રાષ્ટ્રપતિના કાર્યો બજાવવા બાબત |
| અનુચ્છેદ–71 | રાષ્ટ્રપતિ કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી સંબંધિત વિવાદોના ઉકેલ અંગેની જોગવાઈ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉપરાષ્ટ્રપતિ પદની જોગવાઈ

ભારતીય બંધારણના અનુચ્છેદ–63માં ઉપરાષ્ટ્રપતિ પદની જોગવાઈ કરવામાં આવી છે.

## રાજ્યસભાના સભાપતિ

ભારતીય બંધારણના અનુચ્છેદ 64માં દર્શાવ્યા મુજબ ઉપરાષ્ટ્રપતિ જ રાજ્યસભાના સભાપતિ રહેશે.

- જે રાજ્યસભાની બેઠકમાં અધ્યક્ષ સ્થાન લે છે અને ગૃહનું સંચાલન કરે છે.
- ઉપરાષ્ટ્રપતિને રાજ્યસભાના સભાપતિ તરીકે શપથ લેવાના હોતા નથી.
- તેમને પગાર અને ભથ્થાં રાજ્યસભાના સભાપતિ તરીકેના જ મળે છે.
- રાજ્યસભાના સભાપતિ તરીકે ગૃહની કાર્યવાહીમાં મત આપી શકતા નથી, પરંતુ જ્યારે કોઈ વિષય પર બરાબર મતો પડે ત્યારે તે વિષયના સંદર્ભે તેઓ નિર્ણાયક મત આપે છે.

## રાષ્ટ્રપતિ પદ ખાલી પડે ત્યારે ઉપરાષ્ટ્રપતિનું રાષ્ટ્રપતિ તરીકે કાર્ય

સામાન્ય રીતે રાષ્ટ્રપતિનું મૃત્યુ થાય અથવા રાષ્ટ્રપતિ રાજીનામું આપે અથવા તેમને હોદ્દા પરથી દૂર કરવામાં આવે ત્યારે રાષ્ટ્રપતિ પદ ખાલી પડે છે.

- આવા સમયે ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યભાર સંભાળે છે. (અનુચ્છેદ–65)
- આમ જ્યાં સુધી વિધિવત્ નવા રાષ્ટ્રપતિની ચૂંટણી ન થાય ત્યાં સુધી ઉપરાષ્ટ્રપતિ જ રાષ્ટ્રપતિ પદ પર રહે છે.

## ઉપરાષ્ટ્રપતિ બનવા માટેની લાયકાત

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં નામાંકન કરતા ઉમેદવારની નીચે મુજબની લાયકાત હોવી જરૂરી છે :

(a) ભારતના નાગરિક હોવા જોઈએ

(b) સંસદ કે રાજ્ય વિધાન મંડળના સભ્ય ન હોવા જોઈએ

(c) ઉંમર 35 વર્ષથી વધુ હોવી જોઈએ.

(d) ભારત સરકાર કે અન્ય કોઈ રાજ્ય સરકાર હેઠળ લાભનું પદ ધરાવતા ન હોવા જોઈએ.

(e) રાજ્યસભાના સભ્ય જેટલી લાયકાત ધરાવતા હોવા જોઈએ.

## ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયા

આપણા દેશમાં જેવી રીતે રાષ્ટ્રપતિને પરોક્ષ ચૂંટણી દ્વારા ચૂંટવામાં આવે છે. તેવી જ રીતે ઉપરાષ્ટ્રપતિને પણ પરોક્ષ રીતે ચૂંટવામાં આવે છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ–66 (1) મુજબ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી 'પ્રમાણસર પ્રતિનિધિત્વ' અનુસાર 'એકલ સંક્રમણીય મત' (Single Transferable Vote) દ્વારા કરવામાં આવે છે.
- પરંતુ બંનેના મતદાર મંડળ (Electoral College) અલગ–અલગ છે.
- ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં માત્ર સંસદના બે ગૃહો એટલે કે લોકસભા અને રાજ્યસભાના સભ્યો જ ભાગ લે છે.
- અહીં બંને ગૃહના ચૂંટાયેલા અને નિમાયેલા (Elected + Nominated) એમ બધા જ સભ્યો મતદાન કરે છે.

નોંધ : (1) ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીના ઉમેદવારે RBI અથવા સરકારી તિજોરીમાં રૂ. 15,000 ડિપોઝિટ પેટે જમા કરાવવાના હોય છે.

(2) જો ઉમેદવારને કુલ મતના 1/6 મત પ્રાપ્ત ન થાય તેવા સંજોગોમાં જમા કરેલી ડિપોઝિટ પરત મળવા પાત્ર નથી.

## હોદ્દાની મુદ્દત

ઉપરાષ્ટ્રપતિ પોતાનો હોદ્દો સંભાળે તે તારીખ થી પાંચ વર્ષ માટે પદ સંભાળે છે. આ ઉપરાંત :

(a) ઉપરાષ્ટ્રપતિ પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને આપી શકે છે.

(b) રાજ્યસભાના તે વખતના તમામ સભ્યોની બહુમતીથી પસાર થયેલા અને લોકસભાએ સંમતિ આપેલા રાજ્યસભાના ઠરાવથી તેમના પદ પરથી દૂર કરી શકાય છે. (પદ પરથી દૂર કરવાનો પ્રસ્તાવ લાવતા પહેલા 14 દિવસની નોટિસ આપવાની રહેશે.)

(c) પોતાના હોદ્દાની મુદ્દત પૂરી થવા છતાં જ્યાં સુધી પોતાના ઉત્તરાધિકારી હોદ્દો ન સંભાળે ત્યાં સુધી ઉપરાષ્ટ્રપતિ હોદ્દા પર ચાલુ રહેશે.

નોંધ : (1) ઉપરાષ્ટ્રપતિને પદ પરથી દૂર કરવાની પ્રક્રિયાની શરૂઆત માત્ર રાજ્યસભામાંથી જ થાય છે.

(2) ઉપરાષ્ટ્રપતિને હોદ્દા પરથી દૂર કરવા 14 દિવસ પહેલા પદ પરથી દૂર કરવાની નોટિસ આપવી આવશ્યક છે.

(3) રાજ્યસભામાં વાસ્તવિક બહુમતીથી ઉપરાષ્ટ્રપતિને પદ પરથી હટાવવાનો પ્રસ્તાવ પસાર થવો જરૂરી છે.

(4) ભારતમાં ઉપરાષ્ટ્રપતિ પદ માટે વ્યક્તિ ગમે તેટલી વખત ઉમેદવારી નોંધાવી શકે છે.

## શપથ

બંધારણની અનુસૂચિ–3માં આપેલ નમૂના અનુસાર ઉપરાષ્ટ્રપતિએ રાષ્ટ્રપતિ સમક્ષ પોતાના હોદ્દાના શપથ લેવાના હોય છે. (અનુચ્છેદ–69)

## ભારતના અત્યાર સુધીના ઉપરાષ્ટ્રપતિ

| ક્રમ | નામ | કાર્યકાળ |
|---|---|---|
| 1 | ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન | 1952-1957, 1957-1962 |
| 2 | ડો. ઝાકિર હુસેન | 1962-1967 |
| 3 | શ્રી વરાહગિરિ વેંકટગિરિ | 1967-1969 |
| 4 | શ્રી ગોપાલ સ્વરૂપ પાઠક | 1969-1974 |
| 5 | શ્રી બી.ડી. જત્તી | 1974-1979 |
| 6 | ન્યાયમૂર્તિ શ્રી એમ હિદાયતુલ્લા | 1979-1984 |
| 7 | શ્રી આર. વેંકટરામન | 1984-1987 |
| 8 | શ્રી શંકર દયાલ શર્મા | 1987-1992 |
| 9 | શ્રી કે.આર. નારાયણન | 1992-1997 |
| 10 | શ્રી કૃષ્ણકાંત | 1997-2002 |
| 11 | શ્રી ભૈરવસિંહ શેખાવત | 2002-2007 |
| 12 | શ્રી મોહમ્મદ હામીદ અંસારી | 2007-2012, 2012-2017 |
| 13 | શ્રી એમ. વેંકેયા નાયડુ | 2017-2022 |
| 14 | શ્રી જગદીપ ધનખર | 2022–કાર્યરત |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઉપરાષ્ટ્રપતિ સંબંધિત કેટલાંક મહત્વના તથ્યો

ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણન હતા.

- ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન અને શ્રી મોહમ્મદ હમીદ અંસારીએ ઉપરાષ્ટ્રપતિ તરીકે બે–બે વખત પદ પર રહ્યા હતા.
- રાષ્ટ્રપતિ કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી અંગેના કાયદા ઘડવાની સત્તા સંસદને આપવામાં આવી છે.
- 'ઈન્ડિયન ફિલોસોફી' અને 'હિન્દુ વ્યુ ઓફ લાઈફ' ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના પ્રસિદ્ધ પુસ્તક છે.
- 'સિટિઝન એન્ડ સોસાયટી' ડો. હામીદ અંસારીનું પ્રસિદ્ધ પુસ્તક છે.
- 'મુવિંગ ઓન, મુવિંગ ફોરવર્ડ : અ યર ઈન ઓફિસ' શ્રી એમ. વેંકેયા નાયડુનું પ્રસિદ્ધ પુસ્તક છે.

## 'તેજસ' વિમાનોની ડિલીવરી



ભારત સરકારે મલેશિયાને લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) 'તેજસ' વેચવાની ઓફર કરી છે.

- આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, ઈજિપ્ત, યુએસ, ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સે સિંગલ એન્જિન તેજસ ફાઈટર જેટ ખરીદવામાં રસ દર્શાવ્યો છે.
- ભારત સરકારે વર્ષ 2023 સુધીમાં તેજસ જેટની ડિલીવરી માટે સરકારી માલિકીની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમીટેડ (HAL)ને વર્ષ 2021માં 6 બિલિયન અમેરિકન ડોલરનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો.

### તેજસ

તેજસ એ ભારતનું Single-engine, Delta wing, Multirole light fighter વિમાન છે.

- 'ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ' હેઠળ કાર્યરત 'એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી' દ્વારા LCAની ડિઝાઈન કરવામાં આવી છે.
- તેનું ઉત્પાદન જાહેરક્ષેત્રની કંપની HAL દ્વારા કરવામાં આવે છે.
- તેજસ એ સંપૂર્ણપણે સ્વદેશી ડિઝાઈન સાથે ભારતમાં તૈયાર કરવામાં આવેલું સૌપ્રથમ યુદ્ધ વિમાન છે.
- લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) તરીકે ઓળખાતા આ વિમાનને 4 મે, 2003ના રોજ ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈએ 'તેજસ' નામ આપ્યું હતું.
- ભારતમાં Mig-21ની જગ્યાએ ઉપયોગમાં લેવા માટે આ યુદ્ધ વિમાનનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- તેજસ વિમાનની વિશેષતા આ મુજબ છે :

(a) તેજસ એ તેની <u>શ્રેણીનું સૌથી હલકુ</u>, <u>નાનુ</u> અને <u>Tailles (પૂંછડી વિનાનું)</u> મલ્ટી–રોલ સુપરસોનિક ફાઈટર વિમાન છે.

(b) તે <u>હવા–થી–હવા</u>, <u>હવા–થી–સપાટી</u>, <u>ચોકસાઈ–માર્ગદર્શિત</u> અને <u>શસ્ત્રોની શ્રેણીને</u> વહન કરવા માટે રચાયેલ છે.

(c) તે મુસાફરી દરમિયાન <u>આકાશમાં ઈંધણ ભરવા</u> સક્ષમ છે.

(d) તેની મહત્તમ પેલોડ ક્ષમતા <u>4,000 કિગ્રા</u> છે.

(e) તે મહત્તમ <u>1.8 મેકની</u> ઝડપ પ્રાપ્ત કરી શકે છે.

(f) આ વિમાનની રેન્જ <u>3,000 કિ.મી</u> છે.

**નોંધ :** <u>લાઈટ કોમ્બેટ એરક્રાફટ (LCA) પ્રોગ્રામ 1984</u>માં ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ સરકાર દ્વારા LCA પ્રોગ્રામનું સંચાલન કરવા માટે <u>એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી (ADA)</u>ની સ્થાપના કરવામાં આવી હતી.

## HAL

HALનું પૂરું નામ <u>'Hindustan Aeronautics Limited'</u> છે.

- HAL એ ભારતમાં <u>કેન્દ્ર સરકારની માલિકીની</u> <u>'Aerospace and Defence'</u> કંપની છે.
- તેનું વડું મથક <u>કર્ણાટક</u>ના <u>બેંગાલુરૂ</u> ખાતે આવેલું છે.
- <u>23 ડિસેમ્બર, 1940</u>ના રોજ <u>કર્ણાટક</u>ના <u>બેંગાલુરૂ</u> ખાતે <u>શ્રી વાલચંદ હિરાચંદ</u> દ્વારા <u>'Hindustan Aircraft Limited'</u> તરીકે HALની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ 1964માં તેનું નામ બદલીને <u>'Hindustan Aeronautics Limited'</u> કરવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'આંતરરાષ્ટ્રીય બિલાડી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 ઓગસ્ટ (B) 7 ઓગસ્ટ (C) 8 ઓગસ્ટ (D) 9 ઓગસ્ટ (C)

2. તાજેતરમાં શ્રી જગદીપ ધનખર ભારતના કેટલામાં ઉપરાષ્ટ્રપતિ બન્યા છે ?

(A) 13મા (B) 14મા (C) 15મા (D) 16મા (B)

3. તાજેતરમાં ભારતમાં યોજાયેલી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં શ્રી જગદીપ ધનખર .........ને હરાવીને ઉપરાષ્ટ્રપતિ બન્યા છે.

(A) સુશ્રી માર્ગરેટ આલ્વા (B) સુશ્રી અંબિકા સોની

(C) સુશ્રી બ્રિન્દા કરાત (D) સુશ્રી અનુપ્રિયા પાટિલ (A)

4. ભારતના 14માં ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખર સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમનો જન્મ રાજસ્થાન રાજ્યમાં થયો હતો.
2. તેઓ ભાજપમાં જોડાયા પહેલા લોકસભા અને જનતા દળના સભ્ય પણ રહી ચૂક્યા છે.
3. તેઓ વર્ષ 2019માં પશ્ચિમ બંગાળના રાજ્યપાલ બન્યા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. ભારતીય બંધારણના કયા ભાગમાં ઉપરાષ્ટ્રપતિ વિશેની બંધારણીય જોગવાઈ કરવામાં આવી છે ?

(A) ભાગ–3 (B) ભાગ–4 (C) ભાગ–5 (D) ભાગ–6 (C)

6. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં 'ઉપરાષ્ટ્રપતિ પદ'ની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ–61 (B) અનુચ્છેદ–63 (C) અનુચ્છેદ–153 (D) અનુચ્છેદ–161 (B)

7. નીચે આપેલ ભારતીય બંધારણના કયા અનુચ્છેદ મુજબ 'ઉપરાષ્ટ્રપતિ જ રાજ્યસભાના સભાપતિ' રહેશે ?

(A) અનુચ્છેદ–64 (B) અનુચ્છેદ–71 (C) અનુચ્છેદ–83 (D) અનુચ્છેદ–88 (A)

8. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયા સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે.
   2. ભારતીય બંધારણના અનુચ્છેદ–66(1) મુજબ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી ‘પ્રમાણસર પ્રતિનિધિત્વ’ અનુસાર ‘એકલ સંક્રમણીય મત’ (Single Transferable Vote) દ્વારા કરવામાં આવે છે.
   3. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં માત્ર સંસદના બે ગૃહો એટલે કે લોકસભા અને રાજ્યસભાના સભ્યો જ ભાગ લે છે.
   4. સંસદના બંને ગૃહોના ચૂટાયેલા અને નિમાયેલા (Elected + Nominated) એમ બધા જ સભ્યો મતદાન કરે છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(D)**

9. ભારતના ઉપરાષ્ટ્રપતિ સંદર્ભે નીચે આપેલા વિધાન પૈકી કયું/કયા વિધાન સાચા છે ?
   1. ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ હોય છે.
   2. તેમને પગાર અને ભથ્થાં રાજ્યસભાના સભાપતિ તરીકેના જ મળે છે.
   3. ભારતના દ્વિતીય નાગરિક તરીકેનું બહુમાન ઉપરાષ્ટ્રપતિને મળે છે.
   4. ઉપરાષ્ટ્રપતિને દુર કરવાની પ્રક્રિયાની શરૂઆત માત્ર રાજ્યસભામાંથી જ થાય છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 2 અને 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. ‘ઈન્ડિયન ફિલોસોફી’ અને ‘હિન્દુ વ્યૂ ઓફ લાઈફ’ કયા ઉપરાષ્ટ્રપતિના પ્રસિદ્ધ પુસ્તક છે ?

   (A) ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન (B) શ્રી એમ. વૈંકેયા નાયડુ
   (C) શ્રી બી.ડી.જત્તી (D) શ્રી આર. વેંકટરામન **(A)**

11. ભારત સરકારે મલેશિયાને LCA ‘તેજસ’ વિમાન વેચવાની ઓફર કરી છે, આ ઉપરાંત અન્ય ઘણા દેશોએ તેને ખરીદવા રસ દાખવ્યો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. લાઈટ કોમ્બેટ એરક્રાફટ (HCL) તરીકે ઓળખાતું વિમાન તેજસ એ ભારતનું 'Single-Engine, Delta wing, Multirole light Fighter' વિમાન છે.
   2. ડિપાર્ટમેન્ટ ઓફ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ હેઠળ કાર્યરત ‘એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી’ દ્વારા તેની ડિઝાઈન કરવામાં આવી છે.
   3. તેનું ઉત્પાદન જાહેર ક્ષેત્રની કંપની HCL દ્વારા કરવામાં આવે છે.
   4. તે સ્વદેશી ડિઝાઈન સાથે ભારતમાં તૈયાર કરવામાં આવેલું સૌપ્રથમ યુદ્ધ વિમાન છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

## દિવસ મહિમા : 09 ઓગસ્ટ, વિશ્વ આદિવાસી દિવસ (World Tribal Day)



આદિવાસી લોકોના હકોના સંરક્ષણ અને તેને વાચા આપવા માટે સમગ્ર વિશ્વમાં 9 ઓગસ્ટને 'વિશ્વ આદિવાસી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- 'વિશ્વ આદિવાસી દિવસ'ને 'વિશ્વના સ્વદેશી લોકોના આંતરરાષ્ટ્રીય દિવસ' (International Day of The World's Indigenous Peoples) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- 23 ડિસેમ્બર, 1994ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીમાં 9 ઓગસ્ટને 'વિશ્વ આદિવાસી દિન' તરીકે ઉજવવાનું નક્કી થયું હતું.
- આ અગાઉ 1990માં યુનાઈટેડ નેશન્સની મહાસભા દ્વારા 1993ના વર્ષને 'આંતરરાષ્ટ્રીય આદિવાસી વર્ષ' જાહેર કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા : (1) વર્ષ 1995 થી 2004 અને (2) વર્ષ 2005 થી 2014 દરમિયાન આદિવાસી લોકો માટેના બે દશકાઓ જાહેર કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વિશ્વ આદિવાસી દિવસ 2022ની થીમ

યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2022ની વિશ્વ આદિવાસી દિવસની થીમ 'The Role of Indigenous Women in the Preservation and Transmission of Traditional Knowledge' છે.

### ગુજરાતમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

9 ઓગસ્ટ, 2022ના રોજ ઝાલોદમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં 'વિશ્વ આદિવાસી દિવસ'ની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.

- આદિજાતિ વિસ્તાર દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશ્વ આદિવાસી દિવસની રાજ્યવ્યાપી ઉજવણીનો પ્રારંભ કરાવતા રાજ્યના આદિજાતિ વિસ્તારો માટે રૂ. 1,600 કરોડના 5,690 જેટલા વિકાસ કામોના લોકાર્પણ ખાતમુહૂર્ત કર્યા હતા.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશ્વ આદિવાસીની રાજ્યસ્તરીય ઉજવણીના ભાગરૂપે કંબોઈ ધામ ખાતે આદિવાસીઓના મસીહા અને સ્વાતંત્ર્ય સંગ્રામના નાયક શ્રી ગોવિંદગુરુની સમાધિની મુલાકાત લીધી હતી અને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.

## Electricity Amendment Bill, 2022

તાજેતરમાં વિરોધ વચ્ચે 'વીજળી (સુધારા) બિલ, 2022' (Electricity Amendment Bill, 2022) રજૂ કરવામાં આવ્યું હતું.

- ત્યારબાદ વધુ ચર્ચા માટે સ્થાયી સમિતિને મોકલવામાં આવ્યું હતું.
- તમિલનાડુ, તેલંગાણા, રાજસ્થાન અને અન્ય રાજ્યોમાં કેટલાંક ઈલેક્ટ્રિકલ એન્જિનિયરોએ બિલનો વિરોધ કર્યો હતો.

### વીજળી સુધારા બિલ, 2022

વીજળી સુધારા બિલ, 2022નો ઉદ્દેશ બહુવિધ એજન્ટોને વીજળી સપ્લાયર્સના વિતરણ નેટવર્કની ખુલ્લી એક્સેસ પ્રદાન કરવાનો છે અને ગ્રાહકને કોઈપણ સેવા પ્રદાતા પસંદ કરવાની મંજૂરી આપવાનો છે.

- આ બિલ વીજળી અધિનિયમ, 2003માં સુધારો કરવા માંગે છે. જે આ મુજબ છે :
  - પ્રતિસ્પર્ધાને સક્ષમ કરવા, ગ્રાહકો માટે સેવાઓમાં સુધારો કરવા અને પાવર સેક્ટરની ટકાઉપણું સુનિશ્ચિત કરવા વિતરણ લાયસન્સધારકોની કાર્યક્ષમતા વધારવાના હેતુથી બિન–ભેદભાવપૂર્ણ 'ઓપન એક્સેસ' જોગવાઈઓ હેઠળ તમામ લાયસન્સ ધારકો દ્વારા વિતરણ નેટવર્કનો ઉપયોગ કરવાની સુવિધા
  - વિતરણ પરવાનાધારકના વિતરણ નેટવર્કના ભેદભાવ વિનાની ખુલ્લી એક્સેસ સુવિધા આપવા માટે
  - કમિશન દ્વારા મર્યાદા અને લઘુત્તમ ટેરિફના ફરજિયાત નિર્ધારણ ઉપરાંત એક વર્ષમાં ટેરિફના ગ્રેડેડ રિવિઝન માટે જોગવાઈ કરવી.
  - સજાનો દર કેદ અથવા દંડમાંથી દંડમાં બદલવો
  - નિયમનકારો દ્વારા વિસર્જિત કરવાના કાર્યોને મજબૂત બનાવવું

### બિલ સામે વિરોધીઓની દલીલો શું છે ?

(1) ફેડરલ માળખું :

– બંધારણની સાતમી અનુસૂચિની સમવર્તિ સૂચિ–IIIની આઈટમ 38 તરીકે 'વીજળી'ને સૂચિબદ્ધ કરતું હોવાથી કેન્દ્ર અને રાજ્ય સરકારો બંનેને આ વિષય પર કાયદો બનાવવાની સત્તા છે.

– સૂચિત સુધારઓ ભારતના બંધારણના 'સંઘીય માળખા' અને 'મૂળભૂત માળખા'નું ઉલ્લંઘન કરી રહ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) **<u>વીજળી સબસિડી :</u>**

– ખેડૂતો અને ગરીબી રેખા નીચેની વસતી માટે મફત વીજળી આખરે સમાપ્ત થશે.

(3) **<u>વિભેદક વિતરણ :</u>**

– માત્ર સરકારી ડિસ્કોમ અથવા ડિસ્ટ્રબ્યુશન કંપનીઓ જ સાર્વત્રિક વીજ પુરવઠાની જવાબદારી ધરાવશે.

– તેથી સંભવ છે કે ખાનગી લાયસન્સધારકો લાભના વિસ્તારોમાં ઔદ્યોગિક અને વ્યાપારી ગ્રહાકોને વીજ પુરવઠો આપવાનું પસંદ કરશે.

– જો આમ થશે તો સરકાર ડિસ્કોમ પાસેથી નફો કરતા ક્ષેત્રો છીનવાઈ જશે અને ખોટ કરતી કંપની બની જશે.

## વીજ કર્મચારીઓ અને ગ્રાહકો પર બિલની અસર

- **<u>ખાનગી સપ્લાયર્સનો એકાધિકાર :</u>** આનાથી જાહેર વિતરણ કંપનીઓને ભારે નુકસાન થશે અને છેવટે કેટલાક ખાનગી પક્ષોને દેશના પાવર સેક્ટરમાં એકાધિકાર સ્થાપિત કરવામાં મદદ મળશે.
- **<u>ઓપરેશનલ સમસ્યા :</u>** સપ્લયર્સના ખર્ચના લગભગ <u>80%</u> વીજ ખરીદી પર ખર્ચવામાં આવે છે, જે એક વિસ્તારમાં કાર્યરત તમામ વિતરણ પરવાનાધારકો માટે સમાન હશે. અલગ રિટેલર્સ રાખવાથી ઓપરેશનલ સમસ્યાઓમાં વધારો થશે.

## બિલ અંગે સરકારનો તર્ક

સરકારે સુનિશ્ચિત કર્યુ છે કે બિલમાં કોઈપણ જોગવાઈ રાજ્યોની પાવર ડિસ્ટ્રિબ્યૂશન સેક્ટરને નિયંત્રિત કરવા, પાવર સબસિડી ચૂકવવાની સત્તાઓને ઓછી ન કરે.

- સરકારે સુચવ્યુ છે કે એક જ વિસ્તારમાં બહુવિધ ડિસ્કોમ્સ પહેલેથી જ અસ્તિત્વમાં હોઈ શકે છે અને ખરડો માત્ર પક્રિયાને સરળ બનાવે છે.
- સરકારે કહ્યુ છે કે તેણે દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ પાસેથી લેખિતમાં સલાહ લીધી છે, જેમાં કૃષિ મંત્રાલય તરફથી અલગ લેખિત ખાતરી આપવામાં આવી છે કે બિલમાં ખેડૂત વિરોધી કંઈ નથી.
- આ બિલ એક વિસ્તારમાં ઔદ્યોગિક અને વ્યાપારી વપરાશકર્તાઓ પાસેથી એકત્રિત વધારાની ક્રોસ–સબસિડીનો ઉપયોગ અન્ય વિસ્તારોમાં ગરીબોને સબસિડી આપવા માટે પરવાનગી આપે છે.


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંસ્કૃતિ મંત્રાલય અને ગૂગલે 'ઈન્ડિયા કી ઉડાન' પહેલ શરૂ કરી

સંસ્કૃતિ મંત્રાલયે ગૂગલના સહયોગથી 'ઈન્ડિયા કી ઉડાન' પહેલ શરૂ કરી છે.

- આ પહેલ ભારતની અતૂટ અને અમર ભાવના તથા છેલ્લા 75 વર્ષોમાં તેની સિદ્ધિઓની ઉજવણી કરવાનો પ્રયાસ કરે છે.
- આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે 'ઈન્ડિયા કી ઉડાન' પહેલ શરૂ કરી છે.
- તેનો ઉદ્દેશ્ય તેના સમૃદ્ધ અને આર્કવ્સ તથા કલાત્મક ચિત્રો દ્વારા નાગરિકોને ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસા વિશે માહિતગાર કરવાનો છે.
- આ પ્રોજેક્ટ 'પાછળના 75 વર્ષમાં અતૂટ અને અમર ભાવના' થીમ પર આધારિત છે.
- તે Google આર્ટસ એન્ડ કલ્ચર દ્વારા સંસ્કૃતિ મંત્રાલયના સહયોગથી લાગુ કરવામાં આવી રહ્યું છે.

તલાટી, જૂનિયર ક્લાર્ક TET-TAT, GPSC 1/2, STI, Dy.SO, Dy.MAMLATDAR, ACO/RFO, ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ, બિનસચિવાલય, તલાટી, PSI, ASI, CONSTABLE તથા વર્ગ - 3 સહિતની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

1. 'વિશ્વ આદિવાસી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 ઓગસ્ટ (B) 8 ઓગસ્ટ (C) 9 ઓગસ્ટ (D) 10 ઓગસ્ટ (C)

2. 'વિશ્વ આદિવાસી દિવસ 2022' થીમ શું છે ?

(A) The Role of Indigenenous women in the preservation and transmission of traditional knowledge

(B) Leaving no one behind : Ingigenous peoples and the call for a new social contract

(C) Covid-19 an the Indigenous peoples, resilience

(D) ઉપર પૈકી એકપણ નહીં (A)

3. 9 ઓગસ્ટ, 2022ના રોજ .........માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં 'વિશ્વ આદિવાસી દિવસ'ની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.

(A) નવસારી (B) ઝાલોદ (C) પાલનપુર (D) પાટણ (B)

4. Electricity Amendment Bill, 2022 સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલનો ઉદ્દેશ બહુવિધ એજન્ટોને વીજળી સપ્લાયર્સના વિતરણ નેટવર્કની ખુલ્લી એક્સેસ પ્રદાન કરવાનો છે.

2. આ બિલ વીજળી અધિનિયમ, 2003માં સુધારો કરવા માંગે છે.

3. આ બિલની જોગવાઈ અનુસાર ગ્રામીણ વિસ્તારમાં 100 યુનિટ વીજળી ફ્રી આપવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (A)

5. તાજેતરમાં સંસ્કૃતિ મંત્રાલયે કોની સાથે મળીને 'ઇન્ડિયા કી ઉડાન' પહેલ શરૂ કરી છે ?

(A) માઈક્રોસોફ્ટ (B) ફેસબૂક (C) ગૂગલ (D) ઉપરોક્ત તમામ (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 10 ઓગસ્ટ, (1) વિશ્વ જૈવ ઇંધણ દિવસ (World Biofuel Day)
## (2) વિશ્વ સિંહ દિવસ (World Lion Day)

### વિશ્વ સિંહ દિવસ

સમગ્ર વિશ્વમાં 10 ઓગસ્ટનો દિવસ 'વિશ્વ સિંહ દિવસ' તરીકે ઉજવાય છે.

- આ અંતર્ગત ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા 10 ઓગસ્ટ, 2022ના રોજ ગુજરાતમાં 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- સમગ્ર વિશ્વમાં આ પ્રજાતિના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોમાં જાગૃતિ કેળવાય અને સિંહના સંરક્ષણ અને સંવર્ધનમાં લોકોની ભાગીદારી વધે તે હેતુથી 'વિશ્વ સિંહ દિવસ' ઉજવણી કરવામાં આવે છે.

### એશિયાટિક સિંહ

એશિયાઈ સિંહ એ બિલાડી કૂળનું સૌથી ઊંચુ અને વાઘ પછીનું સૌથી મોટુ પ્રાણી છે.

- એશિયાઈ સિંહ માત્ર ભારત દેશના ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશમાં જ જોવા મળે છે.
- એક સમયે એશિયાઈ સિંહો મેસોપોટેમીયા, અરેબિયા, પર્શીયા અને ભારતીય ઉપખંડ સુધી ફેલાયેલા હતા. છેલ્લે સિંહની વસતી ઘટતા હવે તેઓ માત્ર ગીરના જંગલમાં જ જોવા મળે છે.

**નોંધ :** હાલના સમયે સિંહ સમગ્ર વિશ્વમાં ફક્ત બે જ જગ્યાએ જોવા મળે છે :

(1) ભારતમાં ગુજરાતના સૌરાષ્ટ્રમાં અને (2) આફ્રિકામાં

## Commonwealth Games-2022

28 જુલાઈ થી 8 ઓગસ્ટ, 2022 દરમિયાન ઈંગ્લેન્ડના બર્મિંગહામ ખાતે 22મી 'કોમનવેલ્થ ગેમ્સ 2022'નું આયોજન થયું હતું.

- આ કોમનવેલ્થ ગેમ્સમાં કોમનવેલ્થ દેશોની 72 ટીમના 5,054 ખેલાડીઓએ ભાગ લીધો હતો.
- 28 જુલાઈ, 2022ના રોજ બર્મિંગહામમાં રંગારમ કાર્યક્રમ દ્વારા કોમનવેલ્થ ગેમ્સનું ઉદ્ઘાટન થયું હતું.
- આ ઉદ્ઘાટન સમારોહ બર્મિંગહામના એલેક્ઝાન્ડર સ્ટેડિયમ ખાતે યોજાયો હતો.
- બ્રિટિશ પરંપરા મુજબ પ્રત્યેક ગેમ્સનું ઉદ્ઘાટન બ્રિટનની મહારાણી એલિઝાબેથ કરે છે પરંતુ સ્વાસ્થ્યના કારણોસર ગેમ્સનું ઉદ્ઘાટન તેમના પુત્ર પ્રિન્સ ચાર્લ્સ દ્વારા કરવામાં આવ્યું હતું.
- ગેમ્સની બેટન રિલેને પણ પ્રિન્સ ચાર્લ્સે લીલી ઝંડી આપી હતી.

## ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતના ધ્વજવાહક

ઉદ્‌ઘાટન સમારોહના કાર્યક્રમના અંતે 72 દેશોના ખેલાડીઓની પરેડ યોજાઈ હતી.

- આ પરેડની શરૂઆત વર્ષ 2018ની કોમનવેલ્થના યજમાન ઓસ્ટ્રેલિયા સાથે થઈ હતી.
- ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતના ધ્વજવાહક સુશ્રી પી.વી.સિંધુ અને શ્રી મનપ્રીત સિંહ હતા.

નોંધ : કોમનવેલ્થ ગેમ્સ 2022ની ક્લોઝિંગ સેરિમનીમાં સુશ્રી નિકહત ઝરીન અને શ્રી શરથ કમલ ભારતના ધ્વજવાહક હતા.




## Motto and Mascot

કોમનવેલ્થ ગેમ્સ 2022નો મોટો (સુત્ર) 'Sport is Just the Beginning' હતો.

- જ્યારે Mascot 'Parry the Bull' હતું.

નોંધ : પેરી ધ બુલને ગ્રેટર માન્ચેસ્ટરની 10 વર્ષની એમ્મા દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું હતું.

## કોમનવેલ્થ ગેમ્સ 2022

કોમનવેલ્થ ગેમ્સ 2022માં 20 રમતોમાં કુલ 280 સ્પર્ધા યોજાઈ હતી.

- આ કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ ટેલીમાં ઓસ્ટ્રેલિયા પ્રથમ ક્રમે છે.
- ત્યારબાદ ઈંગ્લેન્ડ બીજા, કેનેડા ત્રીજા અને ભારત ચોથા ક્રમે છે.
- 67 ગોલ્ડ, 57 સિલ્વર, 54 બ્રોન્ઝ મળીને કુલ 178 મેડલ સાથે ઓસ્ટ્રેલિયા પ્રથમ ક્રમે છે.
- ત્યારબાદ 57 ગોલ્ડ, 66 સિલ્વર, 53 બ્રોન્ઝ મળીને કુલ 176 મેડલ સાથે ઈંગ્લેન્ડ બીજા ક્રમે છે.
- 22 ગોલ્ડ, 16 સિલ્વર, 23 બ્રોન્ઝ સાથે મળીને કુલ 61 મેડલ સાથે ભારત ચોથા ક્રમે છે.

## કોમનવેલ્થ ગેમ્સ 2022 મેડલ ટેબલ

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયા | 67 | 57 | 54 | 178 |
| 2 | ઈંગ્લેન્ડ | 57 | 66 | 53 | 176 |
| 3 | કેનેડા | 26 | 32 | 34 | 92 |
| 4 | ભારત | 22 | 16 | 23 | 61 |
| 5 | ન્યૂઝિલેન્ડ | 20 | 12 | 17 | 49 |

## કોમનવેલ્થ ગેમ્સ 2022માં ભારત

કોમનવેલ્થ ગેમ્સ, 2022માં ભારત 22 ગોલ્ડ, 16 સિલ્વર, અને 23 બ્રોન્ઝ સાથે કુલ 61 મેડલ જીતીને ચોથા ક્રમે છે.

## ભારતને કઈ રમતમાં કેટલા મેડલ

| રમત | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| રેસલિંગ (કુસ્તી) | 6 | 1 | 5 | 12 |
| ટેબલ ટેનિસ | 4 | 1 | 2 | 7 |
| વેઈટલિફ્ટીંગ | 3 | 3 | 4 | 10 |
| બોક્સિંગ | 3 | 1 | 3 | 7 |
| બેડમિન્ટન | 3 | 1 | 2 | 6 |
| એથ્લેટિક્સ | 1 | 4 | 3 | 8 |
| લોન બોલ્સ | 1 | 1 | 0 | 2 |
| પેરા પાવરલિફ્ટિંગ | 1 | 0 | 0 | 1 |
| જુડો | 0 | 2 | 1 | 3 |
| હોકી | 0 | 1 | 1 | 2 |
| ક્રિકેટ | 0 | 1 | 0 | 1 |
| સ્ક્વોશ | 0 | 0 | 2 | 2 |
| કુલ | 22 | 16 | 23 | 61 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના ખેલાડીનું પ્રદર્શન

સુશ્રી મીરાબાઈ ચાનુએ ભારતને વેઈટ લિફિટંગમાં ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. (49 કિગ્રામાં)

- શ્રી જેરેમી લાલરીનુંગા (67 કિગ્રામાં) અને શ્રી અચિંત શિયુલી (73 કિગ્રામાં) વેઈટ લિફિટંગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- શ્રી સુધીરે પેરા પાવર લિફિટંગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- શ્રી બજરંગ પુનિયા, સુશ્રી સાક્ષી મલિક, શ્રી દિપક પુનિયા, શ્રી રવી કુમાર દહિયા, સુશ્રી વિનેશ ફોગટ અને શ્રી નવીન મલિકે કુસ્તીમાં ભારતને વ્યક્તિગત ગોલ્ડ મેડલ અપાવ્યા હતા.
- ગુજરાતના દીકરી અને પેરાથ્લિટ સુશ્રી ભાવિના બેન પટેલે ટેબલ ટેનિસમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- સુશ્રી નીતુ ઘાંઘાસ અને શ્રી અમિત પંઘાલે બોક્સિંગમાં વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- શ્રી હરમિત દેસાઈ, શ્રી શરથ અચંતા, શ્રી આનિલ શેટ્ટી અને શ્રી સાથિયાન જ્ઞાનસેકરને ટેબલ ટેનિસમાં (સંયુક્ત) ગોલ્ડ જીત્યો હતો.
- ભારતના પ્રસિદ્ધ એથ્લેટિક્સ શ્રી એલ્ડહોસ પોલે ટ્રિપલ જમ્પની ઈવેન્ટમાં ગોલ્ડ અપાવ્યો હતો.
- સુશ્રી નિખત ઝરીને બોક્સિંગમાં ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.
- સુશ્રી પી.વી.સિંધુએ ભારતને બેડમિન્ટનમાં ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.
- શ્રી શરથ અંચના અને સુશ્રી શ્રીજી અકુલાએ ટેબલ ટેનિસમાં મિશ્ર ડબલ્સની ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.
- શ્રી લક્ષ્ય સેને બેડમિન્ટનમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- શ્રી શરથ કમલે ટેબલ ટેનિસમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ક્રિકેટમાં સિલ્વર મેડલ જીત્યો છે.
- ભારતીય પુરુષ હોકી ટીમે સિલ્વર મેડલ જીત્યો હતો.
- ભારતીય મહિલા હોકી ટીમે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- શ્રી ગુરુરાજા પુજારી, સુશ્રી હરજિન્દર કૌર, શ્રી લવપ્રીત સિંહ અને શ્રી ગુરદીપ સિંહે વેઈટલિફિટંગમાં વ્યક્તિગત બ્રોન્ઝ મેડલ ભારતને અપાવ્યો હતો.
- શ્રી વિજય કુમાર યાદવે જુડોમાં ભારતને બ્રોન્ઝ મેડલ અપાવ્યો હતો.
- સુશ્રી રૂપા રાની તિકી, સુશ્રી લવલી ચૌબે, સુશ્રી નયમોની સાયકિયા અને સુશ્રી પિંકી સિંહે લોન બાઉલ્સ (અથવા બોલ)માં ગોલ્ડ જીતી ઈતિહાસ રચ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- શ્રી સૌરવ ઘોસાલે સ્ક્વોશમાં ભારતને બ્રોન્ઝ મેડલ અપાવ્યો હતો.
- ભારતના એથ્લેટ તેજસ્વિન શંકરે ઊંચી કુદમાં બ્રોન્ઝ મેડલ અપાવ્યો હતો.
- સુશ્રી દિવ્યા કાકરન, શ્રી મોહિત ગ્રોવાલ, સુશ્રી પૂજા સિહાગ અને શ્રી દીપક નહેરાએ કુસ્તીમાં ભારતને વ્યક્તિગત બ્રોન્ઝ મેડલ અપાવ્યો હતો.
- સુશ્રી જેસ્મીન લેમ્બોરિયા અને શ્રી રોહિત ટોક્સે બોક્સિંગમાં વ્યક્તિગત બ્રોન્ઝ મેડલ અપાવ્યો હતો.
- શ્રી સંકેત સરગર, શ્રી વિકાસ ઠાકુર અને સુશ્રી બિંધારાણી દેવીએ વેઈટલિફિટંગમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- સુશ્રી શુશીલા લિકમબામ અને સુશ્રી તુલિકા માનએ જુડોમાં વ્યક્તિગત સિલ્વર મેડલ અપાવ્યો હતો.
- સુશ્રી અંશુ મલિકે કુસ્તીમાં સિલ્વર મેડલ અપાવ્યો હતો.
- સુશ્રી પ્રિયંકા ગૌસ્વામીએ મહિલાઓની 10,000 મીટર વોકમાં સિલ્વર મેડલ અપાવ્યો હતો.
- શ્રી અવિનાસ સાબલેએ પુરુષોની 3,000 મીટર સ્ટીપલ ચેઝમાં સિલ્વર મેડલ અપાવ્યો હતો.

નોંધ : વર્ષ 2018માં ઓસ્ટ્રેલિયાના ગોલ્ડકોસ્ટ ખાતે યોજાયેલ કોમનવેલ્થગેમ્સમાં ભારતે 66 મેડલ જીત્યા હતા.

## કોમનવેલ્થ ગેમ્સ

કોમનવેલ્થ ગેમ્સનો પ્રારંભ 1930થી થયો હતો.

- અને સામાન્ય રીતે આ ટુર્નામેન્ટ દર ચાર વર્ષે યોજાય છે.

### કોમનવેલ્થ ગેમ્સનું આયોજન

| ક્રમ | વર્ષ | સ્થળ | દેશ |
|---|---|---|---|
| પ્રથમ | 1930 | હેમિલ્ટન | કેનેડા |
| 19મી | 2010 | દિલ્હી | ભારત |
| 20મી | 2014 | ગ્લાસગો | સ્કોટલેન્ડ |
| 21મી | 2018 | ગોલ્ડકોસ્ટ | ઓસ્ટ્રેલિયા |
| 22મી | 2022 | બર્મિંગહામ | ઈંગ્લેન્ડ |
| 23મી | 2026 | વિક્ટોરિયા પ્રાંત | ઓસ્ટ્રેલિયા |

નોંધ : (1) વર્ષ 1942 અને 1946ની કોમનવેલ્થ ગેમ્સ બીજા વિશ્વયુદ્ધને કારણે કેન્સલ થઈ હતી.

(2) ભારતમાં અત્યાર સુધીમાં ફક્ત એક જ વાર (વર્ષ 2010માં) કોમનવેલ્થ ગેમ્સનું આયોજન થયું છે.

(3) ભારતે સૌપ્રથમ વખત 1934માં ઈંગ્લેન્ડના લંડન ખાતે યોજાયેલી બીજી કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લીધો હતો.

(4) હવે પછી વર્ષ 2026માં ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયા પ્રાંત ખાતે 23મી કોમનવેલ્થ ગેમ્સ યોજાશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ઓવરઓલ પ્રદર્શન

અત્યાર સુધી યોજાયેલા કોમનવેલ્થ ગેમ્સમાં સૌથી વધુ મેડલ વિજેતા દેશોની યાદીમાં ભારત ચોથા ક્રમે છે.

- જ્યારે આ યાદીમાં ઓસ્ટ્રેલિયા પ્રથમ ક્રમે છે.

### ઓલ ટાઈમ મેડલ ટેબલ

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયા |
| 2 | ઈંગ્લેન્ડ |
| 3 | કેનેડા |
| 4 | ભારત |
| 5 | ન્યૂઝીલેન્ડ |

નોંધ : (1) અત્યાર સુધીની કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનું શ્રેષ્ઠ પ્રદર્શન 2010માં રહ્યું હતું. વર્ષ 2010માં 38 ગોલ્ડ, 27 સિલ્વર અને 36 બ્રોન્ઝ સાથે કુલ 101 મેડલ જીતીને ભારત બીજા ક્રમે રહ્યું હતું.

(2) વર્ષ 2010 બાદ ભારતનું શ્રેષ્ઠ પ્રદર્શન 2018માં રહ્યું છે. તેમાં 26 ગોલ્ડ મેડલ સાથે કુલ 66 મેડલ જીતીને ભારત ત્રીજા ક્રમે રહ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કોમનવેલ્થ ગેમ્સ અગાઉ કયા નામે ઓળખાતી હતી ?

### કોમનવેલ્થ ગેમ્સના વિવિધ નામ

| ક્રમ | નામ | સમય |
|---|---|---|
| 1 | બ્રિટિશ એમ્પાયર ગેમ્સ | 1930 થી 1950 |
| 2 | બ્રિટિશ એમ્પાયર એન્ડ કોમનવેલ્થ ગેમ્સ | 1954 થી 1966 |
| 3 | બ્રિટિશ કોમનવેલ્થ ગેમ્સ | 1970 થી 1974 |
| 4 | કોમનવેલ્થ ગેમ્સ | 1978 થી અત્યાર સુધી |

નોંધ : (1) વર્ષ 2022માં મહિલા ક્રિકેટે કોમનવેલ્થ ગેમ્સમાં T-20 દ્વારા ડેબ્યૂ કર્યું છે.

(2) જેમાં ઓસ્ટ્રેલિયાએ ગોલ્ડ, ભારતે સિલ્વર અને ન્યૂઝિલેન્ડે બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

1. 'વિશ્વ જૈવ ઈંધણ દિવસ' અથવા તો 'World Biofuel Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 ઓગસ્ટ (B) 9 ઓગસ્ટ (C) 10 ઓગસ્ટ (D) 11 ઓગસ્ટ (C)

2. 'વિશ્વ સિંહ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 ઓગસ્ટ (B) 9 ઓગસ્ટ (C) 10 ઓગસ્ટ (D) 11 ઓગસ્ટ (C)

3. તાજેતરમાં 28 જુલાઈથી 8 ઓગસ્ટ, 2022 દરમિયાન કેટલામી કોમનવેલ્થ ગેમ્સનું આયોજન થયું હતું ?

(A) 18મી (B) 20મી (C) 22મી (D) 24મી (C)

4. 22મી કોમનવેલ્થ ગેમ્સ 2022નું આયોજન કયાં થયું હતું ?

(A) બર્મિંગહામ, ઈંગ્લેન્ડ (B) વિક્ટોરિયા, ઓસ્ટ્રેલિયા

(C) બેઈજિંગ, ચીન (D) હેમિલ્ટન, કેનેડા (A)

5. 22મી કોમનવેલ્થ ગેમ્સનો મોટો શું છે ?

(A) Share the Dream (B) Faster, Higher, Stronger

(C) Bright on (D) Sport is just the Beginning (D)

6. 22મી કોમનવેલ્થ ગેમ્સના ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતીય ટીમના ધ્વજવાહક કોણ હતા ?

(A) સુશ્રી પી.વી. સિંધુ અને શ્રી મનપ્રીત સિંહ (B) સુશ્રી પી.વી. સિંધુ અને શ્રી શરથ કમલ

(C) શ્રી લક્ષ્ય સેન અને સુશ્રી નિખિત ઝરીન (D) શ્રી મનપ્રીત સિંહ અને સુશ્રી ભાવીના પટેલ (A)

7. 22મી કોમનવેલ્થ ગેમ્સ (2022) મેડલ ટેબલમાં ભારત કયા ક્રમે છે ?

(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા (D)

8. કોમનવેલ્થ ગેમ્સ 2022માં મેડલ ટેબલમાં કયો દેશ પ્રથમ ક્રમે છે ?

(A) કેનેડા (B) ઓસ્ટ્રેલિયા (C) ઈંગ્લેન્ડ (D) ભારત (B)

9. કોમનવેલ્થ ગેમ્સ 2022માં ઓસ્ટ્રેલિયાએ કુલ કેટલા ગોલ્ડ મેડલ જીત્યા છે ?

(A) 22 (B) 26 (C) 57 (D) 67 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. કોમનવેલ્થ ગેમ્સ 2022માં ઓસ્ટ્રેલિયાએ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ થઈને કુલ કેટલા મેડલ જીત્યા છે ?

(A) 168 (B) 170 (C) 178 (D) 180 (C)

11. કોમનવેલ્થ ગેમ્સ 2022માં ભારતે કુલ કેટલા ગોલ્ડ મેડલ જીત્યા છે ?

(A) 22 (B) 26 (C) 28 (D) 30 (A)

12. કોમનવેલ્થ ગેમ્સ 2022માં ભારતે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મળીને કુલ કેટલા મેડલ જીત્યા છે ?

(A) 61 (B) 66 (C) 78 (D) 86 (A)

13. કોમનવેલ્થ ગેમ્સ 2022માં ગોલ્ડ મેડલ વિજેતા શ્રી જેરેમી લાલરીનુંગા કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) વેઈટલિફ્ટિંગ (B) કુસ્તી (C) ડિસ્ક થ્રો (D) જેવેલિન થ્રો (A)

14. તાજેતરમાં કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના કેટલાક ખેલાડીઓએ ગોલ્ડ મેડલ જીત્યા હતા. આ ખેલાડીને તેની રમત સાથે યોગ્ય રીતે જોડો ?

| ખેલાડી | રમત |
|---|---|
| 1. સુશ્રી મીરાબાઈ ચાનુ | a. બોક્સિંગ |
| 2. સુશ્રી ભાવીનાબેન પટેલ | b. બેડમિન્ટન |
| 3. સુશ્રી નિખિત ઝરીન | c. વેઈટલિફ્ટિંગ |
| 4. સુશ્રી પી.વી.સિંધુ | d. ટેબલ ટેનિસ |

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1-c, 2-d, 3-a, 4-b (B) 1-b, 2-a, 3-d, 4-c

(C) 1-a, 2-b, 3-c, 4-d (D) 1-d, 2-c, 3-b, 4-a (A)

15. કોમનવેલ્થ ગેમ્સ 2022માં ભારતે સૌથી વધુ ગોલ્ડ મેડલ અથવા તો સૌથી વધુ મેડલ કઈ રમતમાં જીત્યા છે ?

(A) બેડમિન્ટન (B) વેઈટલિફ્ટિંગ (C) ટેબલ ટેનિસ (D) કુસ્તી (D)

16. કોમનવેલ્થ ગેમ્સ 2022માં ભારતનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન કયા વર્ષે રહ્યું છે ?

(A) 2002 (B) 2006 (C) 2018 (D) 2010 (D)

17. ભારતમાં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન ક્યારે થયું હતું ?


(A) 2002 (B) 2006 (C) 2018 (D) 2010 (D)

18. કોમનવેલ્થ ગેમ્સનો પ્રારંભ ક્યારથી થયો હતો ?

(A) 1928 (B) 1932 (C) 1934 (D) 1930 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દલાઈ લામાને લદ્દાખનો સર્વોચ્ચ પુરસ્કાર dPal rNgam Duston Awardથી સન્માનિત કરાયા



લદ્દાખનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'dPal rNgam Duston Award' તાજેતરમાં તિબેટના આધ્યાત્મિક નેતા દલાઈ લામાને એનાયત કરવામાં આવ્યું હતું.

- માનવતા પ્રત્યેના યોગદાન બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.
- આ પુરસ્કાર લદ્દાખ ઓટોનોમિસ હિલ ડેવલપમેન્ટ કાઉન્સિલ (LAHDC), લેહ દ્વારા દલાઈ લામાને આપવામાં આવ્યો હતો.
- LAHDCના સ્થાપના દિવસ નિમિતે સિંધુ ઘાટ ખાતે dPal rNgam Dustonની ઉજવણી કરવામાં આવી હતી.
- લદ્દાખ અને તિબેટ સિંધુ નદી દ્વારા જોડાયેલા છે. બંનેમાં ઘણી ધાર્મિક અને સાંસ્કૃતિક સમાનતાઓ છે.

નોંધ : (1) તેનઝીન ગ્યાત્સો વર્તમાન અને 14મા દલાઈ લામા છે, તેમને તિબેટના લોકો ગ્યાલ્વા રિનપોચે તરીકે પણ ઓળખે છે.

(2) તેઓ સર્વોચ્ચ આધ્યાત્મિક નેતા અને તિબેટના ભૂતપૂર્વ વડા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ટાઈગર રેન્જના દેશોની પૂર્વ સમિટ

તાજેતરમાં ભારતે પ્રી–સમિટ ઓફ ટાઈગર કન્ટ્રીઝ (TRCs)નું આયોજન કર્યુ હતું.

- ટાઈગર રેન્જ કન્ટ્રીઝ સમિટ 5 સપ્ટેમ્બર, 2022ના રોજ રશિયાના વ્લાદિવોસ્તોકમાં યોજાવાની છે.
- વાઘ સંરક્ષણ પર ચોથી એશિયા મંત્રી સ્તરીય પરિષદ જાન્યુઆરી 2022માં યોજાઈ હતી.
- નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ પણ વાઘના પુનઃ સંગ્રહ માટે માર્ગદર્શિકા જારી કરવાનો નિર્ણય લીધો છે. જેનો ઉપયોગ અન્ય વાઘ શ્રેણીના દેશો કરી શકે છે.
- ચીન અને ઈન્ડોનેશિયા સિવાય વાઘ અથવા ટાઈગર રેન્જના 12 દેશોએ આ બેઠકમાં ભાગ લીધો હતો.
- ભારત દેશના તમામ સંભવિત વાઘના વસવાટને ટાઈગર રિઝર્વ નેટવર્ક હેઠળ લાવવા માટે પ્રતિબધ્ધ છે.
- બેઠકનો ઉદ્દેશ્ય સમિટમાં અપનાવવામાં આવનાર વાઘ સંરક્ષણ અંગેની ઘોષણાને અંતિમ સ્વરૂપ આપવાનો છે.
- વાઘ શ્રેણીના દેશો આ મુજબ છે : ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, કંબોડિયા, લાઓસ પીપલ્સ ડેમોક્રેટિક રિપબ્લિક, મલેશિયા, મ્યાનમાર, નેપાળ, રશિયા, થાઈલેન્ડ, વિયેતનામ, ચીન અને ઈન્ડોનેશિયા છે.

## સુશ્રી નલ્લાથમ્બી કલાઈસેલ્વી CSIRના પ્રથમ મહિલા ડાયરેક્ટર જનરલ બન્યા



તાજેતરમાં CSIR (વૈજ્ઞાનિક અને સંશોધન પરિષદ)ના પ્રથમ મહિલા ડિરેક્ટર જનરલ તરીકે સુશ્રી નલ્લાથમ્બી કલાઈસેલ્વી (Nallathamby Kalaiselvi)ની નિમણૂંક કરવામાં આવી છે.

- તેઓ વરિષ્ઠ ઈલેક્ટ્રોમેકિનકલ સાયન્ટિસ્ટ છે. અને તેમની નિમણૂક બે વર્ષ માટે કરવામાં આવી છે.
- તેમણે શ્રી શેખર માંડેનું સ્થાન લીધુ છે, જેઓ એપ્રિલ, 2022માં નિવૃત થયા હતા.
- તેઓ CSIRના ડાયરેક્ટર જનરલ ઉપરાંત તે વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન વિભાગના સચિવ તરીકે પણ કાર્યભાર સંભાળશે.

નોંધ : (1) CSIRનું પૂરું નામ 'Council of Scientific and Industrial Research' છે.

(2) CSIRની સ્થાપના સપ્ટેમ્બર, 1942માં સવાયત્ત સંસ્થા તરીકે કરવામાં આવી હતી. ત્યારથી તે દેશની સૌથી મોટી સંશોધન અને વિકાસ સંસ્થા તરીકે ઉભરી આવી છે.

(3) તે સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ, 1860 હેઠળ નોંધાયેલ છે.



1. તાજેતરમાં કોને લદ્દાખનો સર્વોચ્ચ પુરસ્કાર dPal rNgam Duston Award થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) શ્રી અમિતભાઈ શાહ (B) દલાઈ લામા

(C) શ્રી અમિતાભ બચ્ચન (D) શ્રી શેર બહાદૂર દેઉબા (B)

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ dPal rNgam Duston Award કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંકળાયેલ છે ?

(A) લદ્દાખ (B) ઉત્તરાખંડ (C) મેઘાલય (D) પુડુચેરી (A)

3. તાજેતરમાં કયા દેશે પ્રી–સમિટ ઓફ ટાઈગર કન્ટ્રીઝ (TRCs)નું આયોજન કર્યુ હતું ?

(A) ભારત (B) મલેશિયા (C) મ્યાનમાર (D) કંબોડિયા (A)

4. તાજેતરમાં CSIRના પ્રથમ મહિલા ડાયરેક્ટર જનરલ કોણ બન્યું છે ?

(A) સુશ્રી નેહા ચૌહાણ (B) સુશ્રી ધ્વની મંડવીયા

(C) સુશ્રી નલ્લાથમ્બી કલાઈસેલ્વી (D) સુશ્રી પ્રભા ચેટરજી (C)

5. CSIR સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તેનું પૂરું નામ 'Council of Scientific and Industrial Research' છે.

(B) તેની સ્થાપના સપ્ટેમ્બર, 1942માં સવાયત સંસ્થા તરીકે કરવામાં આવી હતી.

(C) તે સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ, 1860 હેઠળ નોંધાયેલ છે.

(D) ઉપરના તમામ સાચા છે. (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 12 ઓગસ્ટ, (1) વિશ્વ હાથી દિવસ (World Elephant Day)
## (2) આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (International Youth Day)

### આંતરરાષ્ટ્રીય યુવા દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 12 ઓગસ્ટના રોજ 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 12 ઓગસ્ટ, 2000થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2022ની 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ'ની થીમ 'Intergenerational Solidarity : Creating a world for all Ages' છે.

**નોંધ :** 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' દર વર્ષે 12 ઓગસ્ટના રોજ ઉજવાય છે. જ્યારે ભારતમાં શ્રી સ્વામી વિવેકાનંદનો જન્મદિન 12 જાન્યુઆરી 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે ઉજવાય છે.

## સુશ્રી સેરેના વિલિયમ્સે નિવૃત્તિની જાહેરાત કરી

અમેરિકાના પ્રસિદ્ધ ટેનિસ સ્ટાર સુશ્રી સેરેના વિલિયમ્સે 9 ઓગસ્ટ, 2022ના રોજ નિવૃત્તિની જાહેરાત કરી હતી.

- તેઓ યુએસ ઓપન રમ્યા બાદ ટેનિસમાંથી નિવૃત્તિ લેશે, જે 29 ઓગસ્ટથી 11 સપ્ટેમ્બર, 2022 દરમિયાન યોજાશે.

### સુશ્રી સેરેના વિલિયમ્સ



સુશ્રી સેરેના વિલિયમ્સ અમેરિકાના પ્રસિદ્ધ ટેનિસ ખેલાડી છે.

- તેમનો જન્મ 26 સપ્ટેમ્બર, 1981ના રોજ અમેરિકાના મિશિગન રાજ્યના સાગીનાવ ખાતે થયો હતો.
- તેનું પૂરું નામ 'સેરેના જેમેકા વિલિયમ્સ' છે.
- તેમની મોટી બહેન સુશ્રી વિનસ વિલિયમ સાથે તેના માતા–પિતા ઓરેસીન પ્રાઈસ અને રિચાર્ડ વિલિયમ્સ દ્વારા કોચિંગ આપવામાં આવ્યું હતું.
- વર્ષ 1995માં તેઓ વ્યાવસાયિક ટેનિસ ખેલાડી બન્યા હતા.
- તેની કારકિર્દીમાં તેમણે 23 ગ્રાન્ડસ્લેમ સિંગલ્સ ટાઈટલ જીત્યા છે, જે ઓપન યુગમાં કોઈપણ ખેલાડી દ્વારા સૌથી વધુ છે.
- તેમણે કેરિયરમાં 73 સિંગલ ટાઈટલ અને 23 કેરિયર ડબલ્સ ટાઈટલ્સ જીત્યા છે.
- વર્ષ 1999માં યુ.એસ. ઓપનમાં તેમણે તેનું પ્રથમ મુખ્ય સિંગલ્સ ટાઈટલ જીત્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેમણે 2002 ફ્રેન્ચ ઓપનથી 2003 ઓસ્ટ્રેલિયન ઓપન સુધી પ્રભુત્વ જમાવ્યું અને તમામ ચાર મુખ્ય સિંગલ્સ ટાઈટલ જીત્યા હતા.
- આમ તેમણે નોન–કેલેન્ડર વર્ષ ગ્રાન્ડ સ્લેમ તેમજ કારકિર્દી ગ્રાન્ડ સ્લેમ હાંસલ કર્યુ, જેથી તેઓ 'સેરેના સ્લેમ' તરીકે પણ ઓળખાય છે.
- 2012માં તેમણે ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો અને સિંગલ્સ તેમજ ડબલ્સમાં કારકિર્દી ગોલ્ડન સ્લેમ જીતનાર પ્રથમ ખેલાડી બન્યા હતા.
- તેમણે તેમની બહેન વિનસ સાથે 14 મુખ્ય મહિલા ડબલ્સ ટાઈટલ પણ જીત્યા છે. અને આ જોડી ગ્રાન્ડ સ્લેમ ડબલ્સની ફાઈનલમાં અજેય રહી છે.
- તેમણે વિમેન્સ સિંગલ્સમાં ઓસ્ટ્રેલિયન ઓપનમાં સાત, ફ્રેન્ચ ઓપનમાં ત્રણ, વિમ્બલ્ડનમાં સાત અને યુએસ ઓપનમાં છ ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીત્યા છે.
- નોંધનીય છે કે વિમેન્સ ટેનિસ એસોસિએશન (WTA) રેન્કિંગમાં તેઓ 319 અઠવાડિયા સુધી સિંગલ્સ કેટેગરીમાં નંબર વન રહ્યા હતા.

## સ્માઈલ-75 પહેલ

ભારત સરકારે નિરાશ્રયદાતા અને ભીખ માંગવાની સમસ્યાને દૂર કરવા માટે 'સ્માઈલ–આજીવિકા અને એન્ટરપ્રાઈઝ માટે સીમાંત વ્યક્તિઓને સહાય' નામની એક વ્યાપક યોજના ઘડી છે.

- સ્માઈલ– 75 પહેલ હેઠળ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે ભિખારીઓના વ્યાપક પુનર્વસન માટે 75 મ્યૂનિસિપલ કોર્પોરેશનો ઓળખી કાઢયા છે.
- આ પહેલ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શરૂ કરવામાં આવી છે.

### SMILE-75 પહેલ

SMILEનો અર્થ 'Support for Marginalised Individuals for Livelihood and Enterprise' છે.

- પહેલના ભાગરૂપે ઓળખાયેલ મ્યુનિસિપલ કોર્પોરેશનો ભીખ માગવા રોકાયેલા વ્યક્તિઓ માટે એનજીઓ અને અન્ય હિત ધારકોના સહયોગથી સંખ્યાબંધ વ્યાપક કલ્યાણ પગલાંનો સમાવેશ કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેઓ પુનર્વસન, પરામર્શ, શિક્ષણ, જાગરૂકતા, તબીબી સુવિધાની જોગવાઈ, કૌશલ્ય વિકાસ અને અન્ય સરકારી કલ્યાણ પહેલો સાથે આર્થિક જોડાણો પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે 2025-26ના સમયગાળા માટે સ્માઈલ પ્રોજેક્ટ માટે રૂ. 100 કરોડનું બજેટ પણ ફાળવ્યું છે.
- તેનું અમલીકરણ મંત્રાલય 'સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય' છે.




1. 'વિશ્વ હાથી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 ઓગસ્ટ (B) 11 ઓગસ્ટ (C) 12 ઓગસ્ટ (D) 13 ઓગસ્ટ (C)

2. 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 ઓગસ્ટ (B) 11 ઓગસ્ટ (C) 12 ઓગસ્ટ (D) 13 ઓગસ્ટ (C)

3. ભારતમાં 'રાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 જાન્યુઆરી (B) 12 ફેબ્રુઆરી (C) 12 જૂન (D) 12 જુલાઈ (A)

4. તાજેતરમાં સુશ્રી સેરેના વિલિયમ્સે ટેનિસમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેઓ કયા દેશના પ્રસિદ્ધ ટેનિસ ખેલાડી છે ?

(A) અમેરિકા (B) ઓસ્ટ્રેલિયા (C) જાપાન (D) તાઈવાન (A)

5. SMILE-75 પહેલ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'Support for Marginalised Individuals for Livelihood and Enterprice' છે.

2. આ પહેલના ભાગરૂપે ઓળખાયેલ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ભીખ માંગવા રોકાયેલા વ્યક્તિઓ માટે એનજીઓ અને અન્ય હિત ધારકોના સહયોગથી સંખ્યાબંધ વ્યાપક કલ્યાણ પગલાનો સમાવેશ કરશે.

3. તે સામાજિક અને ન્યાય અધિકારિતા મંત્રાલયની પહેલ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 13 ઓગસ્ટ, વિશ્વ અંગદાન દિવસ

## શ્રી શશિ થરૂરને ફ્રાન્સના સર્વોચ્ચ સન્માન 'શેવેલિયર ડી લા લીજિયન ડી' હોનર'થી સન્માનિત કરવામાં આવ્યા



કોંગ્રેસના નેતા <u>શ્રી શશિ થરૂરને</u> <u>ફ્રાન્સ</u>ની સરકારનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર <u>'શેવેલિયર ડી લા લીજન ડી હોનૂર'</u> <u>(Chevalier de la Legion d'Honneur)</u> એનાયત કરવામાં આવ્યો હતો.

- તેમને આ સન્માન એટલા માટે આપવામાં આવી રહ્યુ છે કારણ કે તેમણે <u>2021</u>માં ફ્રેન્ચમાં ભાષણ આપ્યું હતું.
- આ અગાઉ વર્ષ 2010માં પણ શ્રી શશિ થરૂરને સ્પેનિશ સરકાર દ્વારા <u>'એનકોમિએન્ડા ડી લા રિયલ ઓર્ડર ડી કાર્લોસ III'</u> સન્માન આપવામાં આવ્યું હતું.

### Chevaliar de la legion d'Honneur

લીજન ઓફ ઓનર એ <u>ફ્રેન્ચ ઓર્ડર ઓફ મેરિટ</u> છે.

- <u>નેપોલિયન બોનાપાર્ટે</u> <u>1802</u>માં આ સન્માનની સ્થાપના કરી હતી.
- આ સન્માન ઉત્કૃષ્ટ નાગરિક અથવા લશ્કરી આચરણ માટે આપવામાં આવે છે.

નોંધ : (1) <u>મહારાજા પ્રતાપસિંહ</u> <u>1918</u>માં આ સન્માન મેળવનાર પ્રથમ ભારતીય હતા. ત્યારથી અત્યાર સુધીમાં <u>40 થી વધુ</u> ભારતીયોને આ સન્માન આપવામાં આવ્યું છે.

## Criminal Procedure (Identification) Act, 2022

એપ્રિલ 2022માં સંસદમાં પસાર થયા બાદ તાજેતરમાં <u>'ક્રિમિનલ પ્રોસિજર (ઓળખ) અધિનિયમ, 2022'</u> <u>(અથવા ફોજદારી કાર્યવાહી (ઓળખ) અધિનિયમ, 2022)</u> અમલમાં આવ્યો છે.

- આ કાયદાએ વસાહતી યુગનો કાયદો <u>'આઈડેન્ટિફિકેશન ઓફ પ્રિઝનર્સ એક્ટ, 1920'નું</u> સ્થાન લીધુ છે.
- અને પોલીસ અધિકારીઓને ગુનાહિત કેસોમાં દોષિત, ધરપકડ કરાયેલ અથવા ટ્રાયલનો સામનો કરી રહેલા લોકોને ઓળખવા માટે અધિકૃત કરે છે.

### Criminal Procedure (Identification) Act, 2022

તે પોલીસને ગુનેગારો તેમજ ગુનાના આરોપીઓના <u>શારીરિક અને જૈવિક નમૂના લેવાની કાયદેસર પરવાનગી</u> આપે છે.

- <u>CrPC, 1973</u>ની <u>કલમ 53</u> અથવા <u>કલમ 53-A</u> મુજબ પોલીસ ડેટા એકત્રિત કરી શકે છે.

- જે ડેટા એકત્ર કરી શકાય છે તે આ મુજબ છે : આંગળીની છાપ, હથેળીની છાપ, ફૂટપ્રિન્ટની છાપ, ફોટોગ્રાફસ, રેટિના સ્કેન, ભૌતિક, જૈવિક નમુનાઓ અને તેનું વિશ્લેષણ હસ્તાક્ષર, અથવા અન્ય કોઈપણ પરીક્ષા સહિત વર્તન ગુણધર્મો
- કોઈપણ નિવારક અટકાયત કાયદા હેઠળ દોષિત, ધરપકડ અથવા અટકાયત કરાયેલ કોઈપણ વ્યક્તિએ પોલીસ અધિકારી અથવા જેલ અધિકારીને 'માપ' પ્રદાન કરવાની જરૂર રહેશે.
- નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB) ભૌતિક અને જૈવિક નમૂનાઓ, હસ્તાક્ષર અને હસ્તાક્ષરના ડેટા ભંડાર તરીકે કાર્ય કરશે. જ્યાં તેને ઓછામાં ઓછા 75 વર્ષ સુધી સાચવી શકાય.
- તેનો હેતુ ગુનામાં સામેલ લોકોની અનોખી ઓળખ સુનિશ્ચિત કરવાનો છે અને કેસ ઉકેલવામાં તપાસ એજન્સીઓને મદદ કરવાનો છે.

## લોકસભામાં નવા બિલ

તાજેતરમાં બે નવા બિલ–'પ્રતિસ્પર્ધા (સુધારા) બિલ, 2022' અને 'નવી દિલ્હી ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન સેન્ટર (સુધારા) બિલ' લોકસભામાં રજૂ કરવામાં આવ્યા હતા.

### પ્રતિસ્પર્ધા (સુધારા) બિલ, 2022

તે 'ભારતીય પ્રતિસ્પર્ધા આયોગ' (કોમ્પેટિશન કમિશન ઓફ ઈન્ડિયા–CCI)ના માળખામાં ફેરફાર કરવા માંગે છે.

- તે CCIને વર્તમાન બજારોની જરૂરિયાતો પૂરી કરવા માટે પરવાનગી આપે છે.
- તેમાં CCIના સંયોજનોને સુચિત કરવા માટેના માપદંડ તરીકે 'લેન–દેન–નું મૂલ્ય' (ટ્રાન્ઝેક્શન વેલ્યુ) રાખવાની જોગવાઈ પણ છે.
- પ્રતિસ્પર્ધા વિરોધી કરારો અને વર્ચસ્વના દુરુપયોગની માહિતી મેળવવા માટે CCI સમક્ષ ત્રણ વર્ષની મર્યાદા અવધી નક્કી કરવામાં આવી છે.
- સ્પષ્ઠતા પ્રદાન કરવા માટે 'એન્ટરપ્રાઈઝ', 'સંબંધિત ઉત્પાદન બજાર', 'જૂથ અને નિયંત્રણ' જેવી ચોક્કસ વ્યાખ્યાઓમાં ફેરફાર
- તેમની વિશેષતા આ મુજબ છે :

  (a) પ્રતિસ્પર્ધા વિરોધી સમજૂતીઓને વિસ્તૃત કરવી

  (b) મર્જન અને એક્વિઝિશન (M&A)ની ઝડપી મંજૂરી

  (c) તપાસ દરમિયાન માહિતી શેર કરવા ઈચ્છુક પક્ષકારો માટે દંડ ઘટાડવો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(d) મુકદ્દમામાં ઘટાડો

નોંધ : ભારતીય સ્પર્ધા (અથવા પ્રતિસ્પર્ધા) આયોગ (Competition Commission of India) આયોગ એક વૈધાનિક સંસ્થા છે. જેની સ્થાપના 'સ્પર્ધા અધિનિયમ, 2002' અંતર્ગત કરવામાં આવી હતી.

## નવી દિલ્હી ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન (સુધારા) બિલ

નવી દિલ્હી ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન સેન્ટર (NDIAC) એ મધ્યસ્થા અને સમાધાનની કાર્યવાહી હાથ ધરવા માટે નવી દિલ્હીમાં સ્થિત એક સ્વાયત્ત સંસ્થા છે.

- તેની સ્થાપના વર્ષ 2019માં કરવામાં આવી હતી. અને સંસદના અધિનિયમ દ્વારા તેને રાષ્ટ્રીય મહત્વની સંસ્થા તરીકે જાહેર કરવામાં આવી હતી.
- 'નવી દિલ્હી ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન સેન્ટર (એમેન્ડમેન્ટ) બિલ' કાયદા મંત્રી દ્વારા તેને ઈન્ડિયા ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન સેન્ટર તરીકે નામ આપવા માટે રજૂ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતનો ઇતિહાસ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાતનો ઇતિહાસ વિષયમાં તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઈતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઈતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક




ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને www.iceonline.in પર ઉપલબ્ધ છે.

1. 'વિશ્વ અંગદાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 9 ઓગસ્ટ (B) 10 ઓગસ્ટ (C) 11 ઓગસ્ટ (D) 13 ઓગસ્ટ (D)

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'Chevalia de la Legion d'Honneur' સન્માન કયા દેશ સાથે સંકળાયેલ છે ?

(A) ફ્રાન્સ (B) નેપાળ (C) જાપાન (D) ઈન્ડોનેશિયા (A)

3. તાજેતરમાં કયા ભારતીય રાજનેતાને ફ્રાન્સ સરકારનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'શેવેલિયર ડી લા લીજન ડી' હોનૂર' એનાયત કરવામાં આવ્યો છે ?

(A) શ્રી જીતિન પ્રસાદ (B) શ્રી અરવિંદ સિંહ (C) શ્રી શશિ થરૂર (D) શ્રી અખિલેશ યાદવ (C)

4. તાજેતરમાં અમલમાં આવેલ 'Criminal Procedure (Identification) Act, 2022' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ કાયદાએ 'આઈડેન્ટિફિકેશન ઓફ પ્રિઝનર્સ એક્ટ, 1920'નું સ્થાન લીધુ છે.

2. આ અધિનિયમ અંતર્ગત પોલીસને ગુનેગારો તેમજ ગુનાના આરોપીઓના શારિરિક અને જૈવિક નમૂના લેવાની કાયદેસર પરવાનગી આપે છે.

3. તેનો હેતુ ગુનામાં સામેલ લોકોની અનોખી ઓળખ સુનિશ્ચિત કરવાનો છે કેસ ઉકેલવામાં તપાસ એજન્સીઓને મદદ કરવાનો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (D)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. તાજેતરમાં લોકસભામાં 'પ્રતિસ્પર્ધા (સુધારા) બિલ, 2022' રજૂ કરવામાં આવ્યું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે 'ભારતીય પ્રતિસ્પર્ધા આયોગ' (CCI)ના માળખામાં ફેરફાર કરવા માગે છે.

2. આ બિલ CCIને વર્તમાન બજારોની જરૂરિયાતોને પૂરી કરવા માટે પરવાનગી આપે છે.

3. આ બિલમાં CCIના સંયોજનોને સૂચિત કરવા માટેના માપદંડ તરીકે 'ટ્રાન્ઝેક્શન વેલ્યૂ' રાખવાની જોગવાઈ પણ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2 (A)

# ONE LINER

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે અમદાવાદ ખાતે ITC નર્મદા હોટલનું ઉદ્‌ઘાટન કર્યુ**

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં ITC નર્મદા હોટલનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ હોટલ ગુજરાતની પરંપરા અને સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. આજે ITC ગુજરાતના ઘણા ક્ષેત્રોમાં કાર્યરત છે. અને ગુજરાતના અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યુ છે. ITC નર્મદા એ ગુજરાતની પ્રથમ LEED પ્લેટિનમ પ્રમાણિત હોટલ છે. અને ભારતમાં ITC હોટલ્સના લકઝરી કલેકશનમાં 15મી હોટલ છે.

➤ **ગાંધીનગરમાં DefExpoની 12મી આવૃત્તિ યોજાશે**

12મો DefExpo 18 ઓક્ટોબરથી 22 ઓક્ટોબર, 2022 દરમિયાન ગુજરાતના ગાંધીનગર ખાતે યોજાશે તે ભારતમાં જમીન, નૌકા અને સુરક્ષા પ્રણાલી પરનું સૌથી મોટું પ્રદર્શન છે. પાંચ દિવસ દરમિયાન ત્રણ દિવસ વ્યવસાય માટે ફાળવવામાં આવશે જ્યારે બે દિવસ જાહેર દિવસો માટે ફાળવવામાં આવશે. એકસ્પો ત્રણ સ્થળ ફોર્મેટમાં યોજાશે : (1) હેલિપેડ પ્રદર્શન, (2) મહાત્મા મંદિર સંમેલન અને પ્રદર્શન કેન્દ્ર ખાતે ઉદ્‌ઘાટન કાર્યક્રમ અને સેમિનાર, (3) સાબરમતી રિવર ફ્રન્ટ પર લાઈવ ડેમો.

## ભારત

➤ **'બઢે ચલો' (Badhe Chalo) અભિયાન**

સંસ્કૃતિ મંત્રાલયે ભારતના યુવાનો સાથે જોડવા અને તેમનામાં દેશભક્તિની ઊંડી ભાવના જગાડવાના ઉદ્દેશ્ય સાથે 'બઢે ચલો અભિયાન' શરૂ કર્યુ છે. ભારતના યુવાનોને ભારતની આઝાદીના 75 વર્ષની ઉજવણી કરવા માટે આગળ આવવા પ્રોત્સાહિત કરીને આ અભિયાન ભારતના યુવાનોને જોડવા માટે રચાયેલ છે બઢે ચલો અભિયાનમાં ફલેશ ડાન્સ દર્શાવવામાં આવશે, જ્યાં નર્તકો 'યુવા ગીત પ્રદર્શન' કરશે. આ અભિયાન 5 ઓગસ્ટ, 2022થી દરરોજ 10 શહેરોમાં ચલાવવામાં આવી રહ્યું છે.

➤ **ભારતીય સેનાએ 'સ્કાઈલાઈટ' (Skylight) અભ્યાસનું આયોજન કર્યુ**

ભારતીય સેનાએ તાજેતરમાં તેની સ્પેસ ડોમેન ક્ષમતાઓને વધારવા માટે 'સ્કાઈલેટ મેગા–એક્સરસાઈઝ'નું આયોજન કર્યુ હતું. સ્કાઈલાઈટ કવાયતનો ઉદ્દેશ સેટેલાઈટ કમ્યુનિકેશન એસેટ્સની ઓપરેશનલ તત્પરતાને ચકાસવાનો અને આ સંપત્તિઓનું સંચાલન કરતા કર્મચારીઓને તાલીમ આપવાનો હતો. તે સમગ્ર ભારતની કવાયત હતી. જેમાં લક્ષદ્વીપ અને આંદામાન ટાપુઓનો પણ સમાવેશ થતો હતો. તે ભારતની ઉત્તરીય સરહદોના ઉચ્ચ પ્રદેશોને પણ આવરી લે છે જ્યાં ભારતીય સેનાએ 25-29 જુલાઈ, 2022 સુધી તમામ સેટેલાઈટ સંચાર સંપત્તિને સક્રિય કરી હતી. આ કવાયત દરમિયાન અવકાશ ક્ષેત્રે અનેક તકનીકી અને ઓપરેશનલ દૃશ્યો સમજવામાં આવ્યા હતા. આ કવાયતમાં ઈસરો અને અવકાશ તથા જમીન ક્ષેત્રો માટે જવાબદાર એજન્સીઓની ભાગીદારી જોવા મળી હતી. ક્ષેત્રની રચનાઓમાં 280 થી વધુ પ્લેટફોર્મનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

➤ **ભારતનું સૌર ઊર્જા લક્ષ્ય**

ભારત સરકારે વર્ષ 2030 સુધીમાં ભારતની પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત ક્ષમતાને 500 ગીગાવોટ સુધી વિસ્તરણ કરવાનું લક્ષ્ય નક્કી કર્યુ છે. ભારતે 2030 સુધીમાં દેશના કુલ અંદાજિત કાર્બન ઉત્સર્જનમાં 1 અબજ ટનનો ઘટાડો કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે, 2070 સુધીમાં નેટ શૂન્ય કાર્બન ઉત્સર્જન હાંસલ કરીને દાયકાના અંત સુધીમાં દેશના અર્થતંત્ર કાર્બન તીવ્રતામાં 45%નો ઘટાડો કર્યો છે.

➤ **ભારતીય સેના અને ડ્રોન ફેડરેશન ઓફ ઇન્ડિયાએ MoU પર હસ્તાક્ષર કર્યા**

આર્મી ડિઝાઈન બ્યૂરોએ ડ્રોન, કાઉન્ટર ડ્રોન અને સંબંધિત ટેકનોલોજીના સંશોધન, વિકાસ, પરીક્ષણ અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ડ્રોન ફેડરેશન ઓફ ઈન્ડિયા સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે. આ ટેકનોલોજી ભારતીય સેનાને તેના ઓપરેશનમાં મદદ કરશે. બંને સંસ્થા વચ્ચેના MoU ભારતીય ઉદ્યોગને સમર્થન આપવા માટે ભારતીય સેનાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

➤ **લમ્પી પ્રોવેક રસી**

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીએ 10 ઓગસ્ટ, 2022ના રોજ પશુધનને ચામડીના રોગોથી બચાવવા માટે એક સ્વદેશી રસી 'Lumpi-Provac' લોન્ચ કરી છે. આ રસી હરિયાણાના હિસારમાં નેશનલ હોર્સ રિસર્ચ સેન્ટર દ્વારા વિકસાવવામાં આવી છે. આ સંશોધનમાં બરેલી સ્થિત ઈજ્જતનગરની ઈન્ડિયન વેટેરનરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટએ સહયોગ કર્યો છે. આ સંશોધનમાં વૈજ્ઞાનિકોએ તમામ ધોરણોને અનુસરીને 100% અસરકારક રસી વિકસાવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **હરિયાણામાં 2G ઈથેનોલ પ્લાન્ટ કાર્યરત થયો**

બીજી પેઢીના ઈથેનોલ પ્લાન્ટને હરિયાણામાં 10 ઓગસ્ટ, 2022ના રોજ વિશ્વ જૈવ ઈંધણ દિવસના અવસરે કાર્યરત કરવામાં આવ્યો હતો. આ પ્લાન્ટનો ઉદ્દેશ્ય હરિયાણા અને તેની આસપાસના પ્રદેશમાં સ્ટબલ અથવા પરાલી સળગાવવાની સમસ્યાનો સામનો કરવાનો છે. તેનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ મોડમાં કર્યુ હતું. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) દ્વારા પાણીપત રિફાઈનરી અને પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ (PRPC) ખાતે સેકન્ડ– જનરેશન (2G) ઈથેનોલ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી છે. આ પ્લાન્ટ રૂ. 999 કરોડ રૂપિયાનો છે. જે 35 એકર જમીન પર સ્થાપિત કરવામાં આવેલ છે. આ પ્લાન્ટની ક્ષમતા 100 કિલોમીટર/દિવસ છે. 2G ઈથેનોલ બાયો–રિફાઈનરી ફીડસ્ટોક તરીકે ડાંગરના સ્ટ્રોનો ઉપયોગ કરશે.

➤ **બૂસ્ટર ડોઝ : Corbevax**

તાજેતરમાં ભારત સરકારે જાહેરાત કરી છે કે જે લોકોએ કોવિડ– 19 માટે પ્રથમ કે બીજા ડોઝ તરીકે કોવિશિલ્ડ અથવા કોવેક્સિન મેળવ્યા છે તેઓ ત્રીજા બૂસ્ટર ડોઝ તરીકે કોર્બેવેક્સ લઈ શકે છે. ભારતના દવા નિયમનકારે 18 વર્ષની વયના વ્યક્તિઓ માટે વિરોધાભાસી કોવિડ બૂસ્ટર ડોઝ તરીકે Corbevax ને મંજૂરી આપ્યા બાદ આ નિર્ણય લીધો છે. Corbevax એ ભારતની પ્રથમ સ્વદેશી રીતે વિકસિત રીસેપ્ટર બાઈન્ડિંગ ડોમેન (RBD) પ્રોટીન સબ યુનિટ રસી છે. કોર્બેવેક્સ રસીના વિકાસ અને ઉત્પાદન માટે ઈન્ડિયન બાયોફાર્માસ્યુટિકલ ફર્મ બાયોલોજિકલ ઈ.લિમિટેડ (BioE)ને લાયસન્સ આપવામાં આવ્યું છે.

## વિશ્વ

➤ **ઇંગ્લેન્ડ વિમેન્સ ફૂટબોલ ટીમે યૂરો ચેમ્પિયનશિપનું ટાઇટલ જીત્યું**

તાજેતરમાં ઈંગ્લેન્ડની વિમેન્સ ફૂટબોલ ટીમે ઈતિહાસ રચ્યો છે. તેમણે પ્રથમ વખત યુઈએફએ વિમેન્સ યુરોપિયન ફૂટબોલ ચેમ્પિયનશિપનું ટાઈટલ જીતી લીધુ છે. યૂરો 2022ના નામથી જાણીતી આ ટુર્નામેન્ટની ફાઈનલમાં ઈંગ્લેન્ડે આઠ વખતની ચેમ્પિયન જર્મનીની ટીમને પરાજય આપ્યો હતો.

➤ **વિશ્વ શાંતિ આયોગ**

મેક્સિકન રાષ્ટ્રપતિ આન્દ્રે મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોરે વૈશ્વિક શાંતિ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, યુએનના મહાસચિવ એન્ટોનિયો ગુટેરસ અને પોપ ફ્રાન્સિસના ત્રણ સભ્યોના કમિશનની રચના માટે સંયુક્ત રાષ્ટ્રને લેખિત પ્રસ્તાવ રજૂ કરવાની જાહેરાત કરી છે. વૈશ્વિક શાંતિ આયોગ દ્વારા સમગ્ર વિશ્વમાં યુદ્ધ અટકાવવાના પ્રયાસો કરવામાં આવશે. કમિશનનો ઉદ્દેશ ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે યુદ્ધ વિરામ સંધની ખાતરી કરવાનો છે. આ પગલાથી વિશ્વભરની સરકારોને તેમના નાગરિકોને રાહત આપવામાં મદદ મળશે, ખાસ કરીને જેઓ યુદ્ધની ભયાનકતાનો સામનો કરી રહ્યા છે. મેક્સિકન રાષ્ટ્રપતિએ ચીન, રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સને શાંતિ નિર્માણના પગલાં માટે અપીલ કરી છે.

## ICE ? Questions

- ➤ તાજેતરમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયા સ્થળે ITC નર્મદા હોટલનું ઉદ્ઘાટન કર્યું હતું ? – અમદાવાદ
- ➤ ............વિમેન્સ ફૂટબોલ ટીમે યૂરો ચેમ્પિયનશિપનું ટાઈટલ જીત્યું છે. – ઈંગ્લેન્ડ
- ➤ .............મંત્રાલયે ભારતના યુવાનો સાથે જોડાવા અને તેમનામાં દેશભક્તિની ઊંડી ભાવના જગાડવાના ઉદ્દેશ્ય સાથે 'બઢે ચલો અભિયાન' શરૂ કર્યુ છે. – સંસ્કૃતિ મંત્રાલય
- ➤ તાજેતરમાં કોણે 'સ્કાઈલાઈટ' અભ્યાસનું આયોજન કર્યુ હતું ? – ભારતીય સેના
- ➤ ભારત સરકારે કયા વર્ષ સુધીમાં ભારતની પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત ક્ષમતાને 500 ગીગાવોટ સુધી વિસ્તરણ કરવાનું લક્ષ્ય નક્કી કર્યુ છે ? – 2030
- ➤ કયા સ્થળે DefExpoની 12મી આવૃતિ યોજાશે ? – ગાંધીનગર
- ➤ લમ્પી પ્રોવેક રસી હરિયાણાના હિસ્સારમાં ...........દ્વારા વિકસાવવામાં આવી છે. – નેશનલ હોર્સ રિસર્ચ સેન્ટર
- ➤ તાજેતરમાં કયા રાજ્યમાં 2G ઈથેનોલ પ્લાન્ટ કાર્યરત થયો છે ? – હરિયાણા
- ➤ .............દેશના રાષ્ટ્રપતિ આન્દ્રે મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોરે વૈશ્વિક શાંતિ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી, યુએનના મહાસચિવ તથા પોપ ફ્રાન્સિસના ત્રણ સભ્યોના આયોગની રચના માટે UNને લેખિત પ્રસ્તાવ રજૂ કરવાની જાહેરાત કરી છે. – મેક્સિકન

ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ



આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

# Question Of this Week

1. કયા રાજ્યએ ડેલોઈટ ઈન્ડિયાને તેના સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે ? – ઉત્તર પ્રદેશ

2. તાજેતરમાં ચર્ચામાં રહેલું 'ડોની પોલો એરપોર્ટ' કયા રાજ્યમાં આવેલું છે ? – અરૂણાચલ પ્રદેશ

3. તમામ અધિકૃત એવોર્ડ ભલામણો અને નામાંકન માટેના સામાન્ય પોર્ટલનું નામ શું છે ? – નેશનલ પોર્ટલ

4. તાજેતરમાં .............નો દિવસ પૃથ્વીનો આજ સુધીનો નાનામાં નાનો દિવસ નોંધાયો છે. – 29 જૂન

5. 'પરવાઝ માર્કેટ લિન્કેજ યોજના' કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંકળાયેલ છે ? – જમ્મુ કાશ્મીર

6. તાજેતરમાં .............વિધાનસભાએ NRC (નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન) લાગુ કરવાનો અને રાજ્ય વસતી આયોગ (SPC)ની સ્થાપના ઠરાવ કર્યો છે. – મણિપુર

7. નવી દિલ્હી 'ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન સેન્ટર'નું નવું નામ શું છે ? – ઈન્ડિયા ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન સેન્ટર

8. તાજેતરમાં ચર્ચામાં રહેલ શ્રી વી.પ્રણવ કઈ રમત સાથે સંકાળયેલ છે ? – ચેસ

(ચેન્નાઈના ચેસ ખેલાડી શ્રી વી.પ્રણવે રોમાનિયામા એક ટુર્નામેન્ટ જીતીને ભારતના 75મા ગ્રાન્ડમાસ્ટર બન્યા.)

9. ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC)માં જોડનાર પ્રથમ વૈશ્વિક મોટી ટેક કંપની કઈ છે ?– માઈક્રોસોફ્ટ

10. તાજેતરમાં ચર્ચામાં રહેલ સુશ્રી મનીષા કલ્યાણ કઈ રમત સાથે સંકળાયેલ છે ? – ફૂટબોલ

(સુશ્રી મનીષા કલ્યાણ અને શ્રી સુનિલ છેત્રીને અનુક્રમે પુરુષ વર્ગમાં 'ફૂટબોલ ઓફ ધ યર' તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.)

11. તાજેતરમાં અવસાન પામેલ ઈસ્સે મિયાકે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – ડિઝાઈન

(જાપાની ડિઝાઈનર ઈસ્સે મિયાકેનું તાજેતરમાં 84 વર્ષની વયે નિધન થયું છે.)

12. કયા ભારતીય રાજનેતાને ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, 'શેવેલિયર ડી લા લીજન ડી' ઓનરથી નવાજવામાં આવ્યા હતા ? – શ્રી શશિ થારૂર

13. સંસ્થાઓના કાર્યોનું સંકલન કરવા માટે ONDCએ કઈ નિયમનકારી સંસ્થા સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – SIDBI

14. કેન્દ્રીય કેબિનેટ (ઓગસ્ટ 2022માં) કયા વર્ષ સુધી પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ચાલુ રાખવાની મંજૂરી આપી છે ? – 2024

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

15. તાજેતરમાં માઈક્રોસોફ્ટ ભારતીય બજારમાં સામાજિક ઈ–કોમર્સ રજૂ કરવાના ઉદ્દેશ્ય સાથે ...........સાથે જોડાઈ છે. – ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC)

16. કઈ સંસ્થા ભારતમાં 'ડિજિટલ ધિરાણ પ્રવૃત્તિઓ'નું નિયમન કરે છે ? – RBI

17. 'ટ્રાન્સ–હિમાલયન મલ્ટી–ડાયમેન્શનલ કનેક્ટિવિટી નેટવર્ક' દ્વારા કયા દેશો જોડાયેલા છે ? – ચીન–નેપાળ

18. કઈ સંસ્થાએ વર્ચ્યુઅલ સ્પેસ ટેક પાર્ક 'સ્પાર્ક' શરૂ કર્યું છે ? – ISRO

19. 'NIPAM' જે તાજેતરમાં સમાચારમાં હતું. તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ? – બૌદ્ધિક સંપતિ


20. 'નેથ્થન્ના બીમા યોજના' કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – તેલંગાણા


# સામાન્ય વિજ્ઞાન

◆ વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે ◆ [ MCQ BOOSTER ]

**પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs**

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

NOW AVAILABLE

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

## ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

# સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
like | comment | share
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT